# ઘડવૈયા આત્મનિર્ભર ભારતના

## વિશેષ આવૃત્તિ







**ડૉ. આર. જી. આનંદ**
સભ્ય- રાષ્ટ્રીય બાળ અધિકાર રક્ષણ પંચ, ભારત સરકાર

**કાર્તિક થિરુનારાયણન**
ડાયરેક્ટર- ઓરેકલ ઈન્ડિયા

**આર. એસ. મોહનરાજ**
રાજ્ય કારોબારી સભ્ય (પૂર્વ)
ભાજપ તમિળનાડુ યુવા પાંખ

# અનુક્રમણિકા

અનુમોદન ..... 5
પ્રસ્તાવના ..... 6
૧. ગરીબ લોકોના પુત્ર તરીકે ..... 8
૨. બાળકો અને મહિલાઓ માટે કાળજી રાખનારા પિતા તરીકે: ..... 12
૩. યુવા વર્ગ માટે માર્ગદર્શક ..... 16
    નવી શિક્ષણ નીતિ (એનઈપી) ..... 17
    રાષ્ટ્રીય ભરતી એજન્સી ..... 19
    બેકારી ભથ્થું- અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના ..... 21
    સ્કીલ ઈન્ડિયા - પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (પીએમકેવીવાય) ..... 22
    સ્ટાર્ટઅપ ઈન્ડિયા ..... 24
    રાષ્ટ્રીય આંત્રપ્રેન્યોરશીપ એવોર્ડ્સ ..... 25
    ખેલો ઈન્ડિયા ..... 26
૪. એક દેશભક્ત સૈનિક તરીકે ..... 29
૫. સમર્પિત કાર્યકર્તા તરીકે ..... 34
૬. સુધારાવાદી તરીકે ..... 37
    કોવિડ૧૯ મહામારીમાંથી આપણા રાષ્ટ્ર- ભારતનો ઉદય ..... 38
    પગલાં લેવાયાં ..... 41
    પોતાના પ્રકારની પ્રથમ પહેલો ..... 43
    પરિવર્તનકારી સુધારા ..... 48
૭. ભારતના આંતરરાષ્ટ્રીય નેતા ..... 52
    ઉપસંહાર ..... 58

# આત્મનિર્ભર ભારતના ઘડવૈયા

# અનુમોદન

શ્રી નરેન્દ્ર મોદી- ભારતના પ્રથમ લોક વડાપ્રધાન આગામી ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ પોતાનો ૭૦મો જન્મદિન ઉજવી રહ્યા છે. એક જવાબદાર નાગરિક તરીકે આપણે તેમનો જન્મદિન એક ઉત્સવની જેમ ઉજવવો જોઈએ. ઉત્સવ આપણને આનંદ અને સમૃદ્ધિ આપે છે - આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આખા દેશને ખુશી અને સમૃદ્ધિ આપે છે.

તેમના જન્મદિને ભારતની ૧૩૦ કરોડ જનતાને એક ભેટ સમર્પિત કરવી જરૂરી બને છે. આને લીધે જ મને આ પુસ્તક લખવાની પ્રેરણા મળી છે જે વાસ્તવમાં આપણા બધા લોકો માટે એક ઉત્તમ ભેટ બની રહેશે, જેમણે દરેક નવતર પહેલ, પડકારો અને પરિવર્તનની ક્ષણોમાં ડગલેને પગલે આપણા માનનીય વડાપ્રધાનને સમર્થન આપ્યું છે.

આપણા માનનીય વડાપ્રધાનના આપણા મહાન દેશ માટેના વિવિધ પ્રયાસો અને સેવાઓની યાદી આ પુસ્તકમાં પ્રસ્તુત કરાઈ છે જેના સંદર્ભ કેન્દ્ર સરકારના મંત્રાલયો અને ઓનલાઈન મીડિયાની વેબસાઈટ પર જાહેર રીતે ઉપલબ્ધ છે. આ પાછળનો ઉદ્દેશ એ સુનિશ્ચિત કરવાનો છે કે આપણા ગર્વાન્વિત રાષ્ટ્રમાંના દરેક નાગરિક આપણા માનનીય વડાપ્રધાનના યોગદાનને સમજી શકે. આ પ્રસંગે હું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના અત્યંત સન્માનનીય માતા- હીરાબેન મોદીજીનો આપણા ભારતને આવો પનોતો પુત્ર સમર્પિત કરવા બદલ આભાર માનું છું.

આ પુસ્તક લખવાની મને પ્રેરણા આપવા બદલ હું ડૉ. આર. જી. આનંદ અને મોહનરાજનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. નિખાલસતાથી કહું તો આ પુસ્તકની રચનાના દરેક તબક્કે તેમની સહાય અત્યંત મૂલ્યવાન હતી.







# પ્રસ્તાવના

ભારત - એક ગૌરવપૂર્ણ રાષ્ટ્ર કે જેની સંસ્કૃતિ, પરંપરા, આદર, માનવીય મૂલ્યો, વિજ્ઞાન, ચિકિત્સા, ટેકનોલોજી, વ્યાપાર, અર્થતંત્ર અને શિક્ષણના ઉદ્‌ગમસ્થાન તરીકે પૂજા થાય છે.

રામાયણમાં ભગવાન રામે લક્ષ્મણને કહ્યું છે તેમ ''જનની અને જન્મભૂમિ તો સ્વર્ગથીયે મહાન છે.''

માતૃભૂમિની મહાનતા અને યોગદાનને પિછાણો તો જ સમર્પણનો ભાવ કેળવાય છે. ભારતના મહત્ત્વપૂર્ણ પ્રયાસો અને યોગદાન વિશેનું જ્ઞાન અને જાગૃતિ થકી દરેક વ્યક્તિમાં રાષ્ટ્રભક્તિનો ભાવ કેળવી શકાશે અને દરેક દેશવાસીને ''આત્મનિર્ભર ભારત'' માટે યોગદાન આપવા ઊર્જા તેમજ ઉત્કંઠા સાથે રાષ્ટ્રનિર્માણના કાર્યમાં સહભાગી થવા પ્રેરિત કરી શકાશે.

એક સાધારણ વ્યક્તિ અને વિશેષ વ્યક્તિ વચ્ચેનો તફાવત તેની વિચારક્ષમતા, કાર્ય પૂર્ણ કરવાની ઉત્કંઠા અને કાંઈક હાંસલ કરવાની વચનબદ્ધતામાં રહેલો છે. આ વિશેષ વ્યક્તિ- માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો ધ્યેય સૌથી પહેલા વિકાસ અને રાષ્ટ્રનો છે.

આપણા પરિવારમાંની કોઈ પણ વ્યક્તિ કાંઈક વિશેષ હાંસલ કે સિદ્ધ કરે છે, તો આપણે તેની ઉજવણી કરીને તે ખુશીઓની આપણા મિત્રો અને પરિવારજનોમાં વહેંચણી કરીએ છીએ. આપણી પાસે તો એક રાષ્ટ્રભક્ત વડાપ્રધાન છે કે જેઓ આપણા ગર્વાન્વિત દેશની ૧૩૦ કરોડ જનતાને પોતાનો પરિવાર માને છે.

આપણા જેવા એક ગર્વાન્વિત રાષ્ટ્રના વડાપ્રધાન રાષ્ટ્રભક્ત, ઉત્કંઠાપૂર્ણ, કટિબદ્ધ, સમર્પિત, વીર, સાહસિક, દીર્ઘદૃષ્ટા અને લોકકલ્યાણ કેન્દ્રિત વ્યક્તિ હોવા જરૂરી છે કે જેઓ આપણા રાષ્ટ્રની ક્ષમતા વિશે ગર્વની લાગણી સાથે પરિણામો હાંસલ કરી શકે. અટલબિહારી વાજપેયીજી બાદ, આવી તમામ ખાસિયતો આપણા માનનીય વડાપ્રધાન મોદીમાં જોવા મળ્યાનો હું ગૌરવ મહેસૂસ કરું છું.

પોતાના ૧૯ વર્ષના જાહેર સેવાના કાર્યકાળમાં (મુખ્યમંત્રી તરીકે ૧૩ વર્ષ અને વડાપ્રધાન તરીકે ૬ વર્ષ) શ્રી નરેન્દ્ર મોદી આપણા ગર્વાન્વિત રાષ્ટ્રના વિકાસ અને પ્રગતિ માટે ૬૯૫૦+ દિવસો અને ૧,૨૫,૧૦૦+ કલાકો મહત્તમ કલ્યાણકારી નવતર પહેલો માટે સતત સેવા અને યોગદાન આપનારા સૌથી પહેલા વ્યક્તિ છે.

ભારતના વડાપ્રધાન બન્યા તે પહેલા શ્રી નરેન્દ્ર મોદી ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા હતા. તેમણે પોતાના મુખ્યમંત્રી તરીકેનું પૂરેપૂરું વેતન તેમજ તેમને મળેલી તમામ ભેટ-સોગાદોની હરાજી કરીને તેનાથી પ્રાપ્ત થયેલી સઘળી રકમનું કન્યા કેળવણી અને શિક્ષણમાં દાન કરી દીધું હતું.

''મન કી બાત'' દ્વારા આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આપણા મહાન લોકો, રાષ્ટ્ર અને સરકારની સિદ્ધિઓ દર મહિને ૧૨૦ કરોડ ભારતીયોને જણાવે છે.

ગર્વાન્વિત ભારત. વડાપ્રધાન કે જેમણે દરેક ભારતીયને ગર્વની લાગણી મહેસૂસ કરાવી

**કાર્તિક થિરુનારાયણન**

# ગરીબ લોકોના પુત્ર તરીકે



# ૧. ગરીબ લોકોના પુત્ર તરીકે

સ્વતંત્રતા બાદ આપણા દેશની પરિવર્તન, ખાસકરીને ગરીબ લોકો માટે ખૂબ અપેક્ષાઓ હતી. ગરીબ લોકોનું સશક્તિકરણ એ ફક્ત એવું સ્વપ્ન બની ગયું કે જેને રાજકારણીઓએ જીવંત રાખ્યું હતું અને સુનિશ્ચિત કર્યું હતું કે ફક્ત તેમના પરિવારો અને સગા-સંબંધીઓનું જ સશક્તિકરણ થાય. ગરીબોનો સઘળો કઠિન પરિશ્રમ, તેની આવકો, તેનું ભાવિ, તેની આકાંક્ષાઓ માત્ર કાગળ પર જ રહી ગઈ હતી.

ગરીબ તો ગરીબ જ રહ્યો કારણ કે તેના લાભોની લૂંટ ચાલી હતી, વિકાસ નષ્ટ થયો હતો, સહાય રોકી દેવાઈ હતી. આવું ઘણા દાયકાઓ સુધી ચાલ્યું. તેમની અપેક્ષાઓ જીર્ણ થવા લાગી અને આઈસીયુમાં પહોંચી ગઈ. આપણા દેશના ૪૦% કરતા વધુ ગરીબો પાસે તો બેંકમાં ખાતા પણ નહોતા.

ખેડૂતો આપણા દેશની જીવાદોરી છે. ભારતની કુલ વસતિના ૫૮% લોકો માટે કૃષિ એ આજે પણ આજીવિકાનું મુખ્ય સાધન છે. કૃષિ વસતિ ગણતરી અનુસાર, ૨-હેક્ટર કરતા ઓછી અને સીમાંત જમીન ધારણનું પ્રમાણ દેશની ખેતીલાયક જમીનના કુલ કાર્યાન્વિત ધારણમાં ૮૫% જેટલું છે.

ગરીબ ખેડૂતોને રોજેરોજ અસંખ્ય પડકારો અને હાડમારીઓ વેઠવી પડે છે જેનાથી તેમના રોજિંદા જીવનમાં તકલીફો ઊભી થાય છે. ગરીબ ખેડૂતોના કઠિન પરિશ્રમને વચેટિયાઓ લૂંટી જાય છે.

દાયકાઓ સુધી ગ્રામિણવિકાસ પર કદી પ્રાથમિકતાના ધોરણે ધ્યાન અપાયું નહીં અને ગામડાઓમાં કદી પરિવર્તન ન આવ્યું.

ગરીબ લોકોની સૌથી મહત્ત્વપૂર્ણ જરૂરિયાતોમાંની એક પોષાય તેવા દરે આરોગ્ય સેવાની છે. મોટાભાગના લોકો સુધી પાયાગત આરોગ્ય સેવા પ્રણાલિ પહોંચી જ નથી, ખાસકરીને ગ્રામિણવિસ્તારોમાં. ઘણા લોકો ખાસકરીને ગરીબો અને મહિલાઓના આજે પણ ''પોષાય તેવા દરે આરોગ્ય સેવા'' ન મળવાને લીધે મૃત્યુ થઈ રહ્યા છે. ભારતની આરોગ્ય સેવા પ્રણાલિમાં ગરીબોને આરોગ્ય સેવા પૂરી પાડવા માટે સારા સંચાલનનો સદંતર અભાવ હતો.

ઘણા ગરીબ પરિવારો ગંભીર બિમારી માટે આરોગ્યલક્ષી સુવિધા પ્રાપ્ત કરી શકતા નહોતા અને તોતિંગ તબીબી ખર્ચને કારણે તેઓ ગરીબીની ગર્તમાં ઊંડાને ઊંડા ધકેલાઈ રહ્યા હતા.

એકંદરે, સારા સંચાલનના અભાવે વર્ષો સુધી દેશના ગરીબ લોકોના જીવનને અસર થતી રહી. આમાં પરિવર્તનની જરૂર હતી. રાષ્ટ્રને વિકાસની અને ગરીબોને સશક્તિકરણની જરૂર હતી.

**મે ૨૦૧૪:**

ગરીબ લોકોના સ્વપ્નો સાકાર થયા જ્યારે તેમણે ''ગરીબ લોકોના પુત્ર'' શ્રી નરેન્દ્ર મોદીને ૨૬મી મે, ૨૦૧૪ના રોજ ભારતના વડાપ્રધાન બનતા જોયા. એક દેશભક્ત ગરીબ માતાનો પ્રામાણિક પુત્ર.

આપણા માનનીય વડાપ્રધાન ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પહેલીવાર ચૂંટાયા હતા તે ક્ષણ પણ અવિસ્મરણીય છે. તેમણે જ્યારે આશીર્વાદ લેવા તેમની માતાની મુલાકાત લીધી હતી, તો તેમણે કહ્યું હતું કે, 'જો દીકરા, હું નથી સમજતી કે તું શું કરે છે, પરંતુ મને એક વચન આપ કે તું કદી લાંચ નહીં લે- એ પાપ તો કદી ન કરતો'. એક મહાન માતા કે જે હંમેશા ગરીબીમાં જીવ્યા અને અત્યંત મર્યાદિત ભૌતિક સુખ માણ્યું તેમ છતાં તેમણે શ્રી નરેન્દ્ર મોદીને કહ્યું કે લાંચ લેવી એ પાપ છે અને તેમણે કદી આવું કોઈ કૃત્ય કરવું નહીં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા એ સુનિશ્ચિત કર્યું કે તેમનું આ વચન હંમેશને માટે અકબંધ રહે અને સુનિશ્ચિત કર્યું કે જીવનભર તેઓ આ વચનનું પાલન કરે.

૨૦ મે, ૨૦૧૪ના રોજ વડાપ્રધાન તરીકે ચૂંટાયેલા નરેન્દ્ર મોદીએ સંસદના સેન્ટ્રલ હોલમાં એક ઐતિહાસિક પ્રવચન કર્યું હતું.

**''એનડીએ સરકાર એ ગરીબોની, ગરીબો દ્વારા અને ગરીબો માટે ચાલતી સરકાર રહેશે. ટૂંકમાં, એનડીએ સરકાર ગરીબોને જ સમર્પિત રહેશે.''**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી માને છે કે દેશના આર્થિક સંસાધનોનો સુશાસન પૂરું પાડીને ગરીબોના કલ્યાણ અને સુખાકારી માટે જ ઉપયોગ થવો જોઈએ.

- ૫૦ કરોડ ગરીબ લોકોની મફત આરોગ્ય સેવામાં નોંધણી
- ૪૦ કરોડ ગરીબ લોકોના બેંકમાં ખાતા ખુલ્યા
- ૨૫ કરોડ લોકોને નાની વ્યાપાર લોન મળી (મુદ્રા સ્કીમ)
- ૧૯ કરોડ ગરીબ લોકોને અકસ્માત અને જીવન વીમાનું કવર મળ્યું
- ૮ કરોડ ગરીબ મહિલાઓને મફત એલપીજી સિલિન્ડર જોડાણનો લાભ મળ્યો
- ૧૦.૯ કરોડ ગરીબ મહિલાને શૌચાલયની સુવિધા મળી
- ૨૨.૪ કરોડ ગરીબ ખેડૂતોને મફત સોઈલ હેલ્થ કાર્ડ મળ્યું
- ૧૦ કરોડ ગરીબ ખેડૂતોને નાણાકીય સશક્તિકરણથી લાભ મળ્યો
- ૫.૮ કરોડ ગરીબ ખેડૂતોને પાક વીમા યોજના હેઠળ કવર પ્રાપ્ત થયું
- ૬૫૮૭ એફોર્ડેબલ મેડિકલ શોપ્સ ગરીબો માટે
- ૧૮૬૦૦ ગામોને વીજળી મળી
- ૧,૯૩,૦૦૦ કિ.મી.ની ગ્રામિણસડકનું નિર્માણ
- ૧.૫ કરોડ મકાનોનું ગરીબો માટે નિર્માણ

ગરીબ લોકોના સશક્તિકરણ માટેના ઉપરોક્ત અસંભવ કાર્યો અને ૬૦ વર્ષ જૂના સ્વપ્નને માત્ર ૬ વર્ષમાં સાકાર કરી શકાયા કારણ કે આ દેશને શ્રી નરેન્દ્ર મોદીની ઉત્કંઠા, દેશભક્તિ અને દેશ સૌથી પહેલાંના અભિગમની અમૂલ્ય ભેટ મળી છે.

# બાળકો અને મહિલાઓ માટે કાળજી રાખનારા પિતા તરીકે



# ૨. બાળકો અને મહિલાઓ માટે કાળજી રાખનારા પિતા તરીકે

બાળકો એ જ ભારતનું ભવિષ્ય છે. બાળ રક્ષણ, બાળવિવાહ અને બાળમજૂરીની નાબૂદી, બાળકોનો બચાવ, નવજાત શિશુ અને વિકાસ પામી રહેલા બાળકના મૃત્યુની રોકથામ, જાહેરમાં શૌચક્રિયાની નાબૂદી, અને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવું. દાયકાઓ સુધી આવા ક્ષેત્રોમાં પ્રાથમિકતા સાથે કામ જ કરાયું નહોતું.

બાળકોના મંતવ્યો, ખાસકરીને દીકરીઓ, સમાજના વંચિત રહી ગયેલા જૂથો તથા સીમાંત સમુદાયોના બાળકોના મંતવ્યોને કાનૂની અને વહીવટીતંત્ર દ્વારા ધ્યાન ન અપાતા વ્યાપક અસર થતી હતી. બાળકોના જાતિય શોષણ માટે મજબૂત કાયદાની જરૂર હતી જેથી આવા ગુનેગારોને આકરી સજા દ્વારા જેર કરી શકાય.

મહિલાઓ એ દેશની કરોડરજ્જુ અને વિકસિત ભારતનો મજબૂત સ્તંભ છે. પરંતુ તેમનું સશક્તિકરણ હંમેશા સૌથી ઓછી મહત્ત્વતા સાથે સૌથી મંથર ગતિએ કરાયું હતું.

ભારતમાં, અસંખ્ય ગરીબ મહિલાઓ અને બાળકો શૌચાલયની પર્યાપ્ત સુવિધાના અભાવે જ કષ્ટાય છે. વાસ્તવમાં, શૌચાલય ન હોવાને કારણે, ખાસકરીને ગ્રામિણવસ્તારોમાં ઘણી દીકરીઓ શાળા છોડી દે છે. ઈન્ટરનેશનલ ચેરિટીના અભ્યાસ અનુસાર ભારતમાં ૫૬% કરતા વધુ લોકો પાયાગત સેનિટેશન સુધીની પહોંચથી વંચિત છે.

ભારત એ તો કૌશલ્યની ભૂમિ છે. દેશના કરોડો લોકો, ખાસકરીને મહિલાઓ પાસે નાના ઉદ્યોગસાહસિક બનવાનું કૌશલ્ય છે. પરંતુ આ નાના ઉદ્યોગસાહસિકોને સામાન્ય ચેનલ દ્વારા નાણાકીય લોન મળવામાં ખાસ્સી તકલીફો પડે છે અને આ કારણે તેઓ મોટાભાગે બજારમાંથી ખૂબ ઊંચા વ્યાજદરે નાણાં ઉછીના લે છે.

ભારતમાં ૨૪ કરોડથી વધુ ઘરો છે અને તેમાંના આશરે ૧૦ કરોડ ઘરો આજે પણ રસોઈના ઈંધણ તરીકે એલપીજીની સુવિધાથી વંચિત છે અને તેમણે બળતણના લાકડા, કોલસા, છાણા વગેરે પર રસોઈના પ્રાથમિક ઈંધણ તરીકે નિર્ભર રહેવું પડે છે. આવા અસ્વચ્છ ઈંધણના વપરાશથી મહિલાઓના શરીરમાં શ્વાસવાટે દાખલ થતો ધુમાડો એક કલાકમાં ૪૦૦ સિગારેટના ધૂમ્રપાન બરાબરનું નુકસાન કરે છે.

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ** - એક કાળજી રાખનારા પિતા તરીકે નવા સુરક્ષા ઉદાહરણ દ્વારા મહિલાઓ અને બાળકોનું સશક્તિકરણ કર્યું છે. શ્રી નરેન્દ્ર મોદીએ તેમના મુખ્યમંત્રી તરીકેના ૧૩ વર્ષના વેતન તથા તેમને મળેલી તમામ ભેટ-સોગાદોનું કન્યા કેળવણી માટે દાન કરી દીધું છે. આજે દાયકાઓ વીતવા છતાં આ દેશે આવા દયાળુ અને વિશાળ હૃદયવાળા મહાન વ્યક્તિને કદી વડાપ્રધાન તરીકે જોયા જ નથી.

મોદી સરકારે મહિલાઓની સમસ્યાઓના ઉકેલ માટે ભૌતિકતાથી પણ આગળ વધીને જે-તે બાબતે વધુ સાર્વત્રિક અભિગમ દાખવતા મહિલા સશક્તિકરણ માટે સર્વગ્રાહી કાર્યક્રમ ઘડ્યો છે જે સુરક્ષાની ભાવના સાથે કામ કરે છે.

**માતા અને બાળક માટે આરોગ્ય સુરક્ષા**

**સામાજિક સુરક્ષા અને સશક્તિકરણ**

**નાણાકીય સુરક્ષા અને સશક્તિકરણ**

**કન્યાનું સુરક્ષિત ભાવિ**

**મહિલા સુરક્ષા**



## મહિલા અને બાળ સશક્તિકરણ માટેની પહેલો:

| વિવરણ | પહેલો |
|---|---|
| | મેટરનિટી લીવ ૧૨ સપ્તાહથી વધારીને ૨૬ સપ્તાહ કરાઈ છે. ૫૦થી વધુ કર્મચારી ધરાવતા કાર્યસ્થળે બાળકોની કાળજી માટેની સુવિધા ફરજિયાત કરાઈ. |
| માતા અને બાળકના આરોગ્યની સુરક્ષા | • ગર્ભવતી મહિલાનું નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ (૧.૭ કરોડ મહિલા લાભાર્થી)<br>• ૨૨% ગર્ભવતી મહિલા મૃત્યુદરમાં (એમએમઆર) નોંધપાત્ર ઘટાડો<br>• ગરીબ ગર્ભવતી મહિલાઓ માટે નાણાકીય સહાય<br>• નેશનલ ન્યૂટ્રીશન મિશન<br>• મિશન ઈન્દ્રધનુષ (ગર્ભવતી મહિલાઓ માટે રસીકરણ ૮૬ લાખ મહિલા અને ૩.૩ કરોડ બાળકો)<br>• પ્રધાનમંત્રી ભારતીય જનશુદ્ધિ પરિયોજના (પીએમબીજેપી), સેનિટરી પેડ્સ પ્રતિ પેડ રૂ. ૧ની કિંમતે વેચાય છે (૫ કરોડ લાભાર્થી) |
| સામાજિક સુરક્ષા અને સશક્તિકરણ | • સ્વચ્છ વિદ્યાલય (સરકારી શાળાઓમાં કન્યાઓ માટે ૪.૭ લાખ શૌચાલય. દેશભરની સ્કૂલોમાં કન્યાઓ માટે અલગ શૌચાલય)<br>• ત્રિપલ તલાક કાયદો<br>• તમામ માટે મકાન<br>• ઉજ્જવલા યોજના (૮ કરોડ ગરીબ મહિલાઓ માટે મફત ગેસ જોડાણ) |

| | |
|---|---|
| નાણાકીય સુરક્ષા અને સશક્તિકરણ | • મુદ્રા લોન (૧૭ કરોડ મહિલા લાભાર્થી)<br>• સ્ટેન્ડ-અપ ઈન્ડિયા (અનુ. જાતિ/જનજાતિ અને મહિલા ઉદ્યોગસાહસિકો માટે યોજના- ૬૮,૯૩૦ લાભાર્થીઓ)<br>• કન્યા માટે બચત યોજના ખાતું (૧.૪ કરોડ ખાતા ખોલ્યા)<br>• બેંક ખાતા (જન ધન) - ૧૯ કરોડ ખાતા મહિલાના નામે ખુલ્યા<br>• સ્વસહાય જૂથની મહિલાઓ<br>(૨૦૧૧-૨૦૧૪) ૫ લાખ એલપીજી<br>(૨૦૧૪-૨૦૧૮) ૨૦ લાખ એલપીજી |
| બાળકોનું ભવિષ્ય સુરક્ષિત કરવું | • બેટી બચાવો બેટી પઢાઓ<br>• પ્રગતિ સ્કીમ (કન્યાઓ માટે સ્કોલરશીપ). ૧૨ વર્ષમાં આશરે ૫૦૦૦ કન્યાઓને લાભ મળ્યો. |
| બાળ અને મહિલા સુરક્ષા અને સલામતિ | • બળાત્કાર માટે મૃત્યુ (૧૨ વર્ષથી ઓછી વયના બાળકો)<br>• એન્ટિ-ટ્રાફિકિંગ કાયદો<br>• મહિલા સંબંધિત સતામણી માટે ઓનલાઈન ફરિયાદ પ્લેટફોર્મ<br>• મહિલા પોલીસ સ્વયંસેવકો અને મહિલા સુરક્ષા એપ્સ |

# યુવા વર્ગ
# માટે માર્ગદર્શક



# ૩. યુવા વર્ગ માટે માર્ગદર્શક

**ભારત** - એક ગૌરવપૂર્ણ રાષ્ટ્ર કે જેની સંસ્કૃતિ, પરંપરા, આદર, માનવીય મૂલ્યો, વિજ્ઞાન, ચિકિત્સા, ટેકનોલોજી, વ્યાપાર, અર્થતંત્ર અને શિક્ષણના ઉદ્‌ગમસ્થાન તરીકે પૂજા થાય છે. ઘણી સદીઓ અગાઉ, આપણું મહાન રાષ્ટ્ર આખા વિશ્વ માટે ''યુવા સશક્તિકરણ'' માટેનું કેન્દ્રસ્થાન ગણાતું હતું. ભારતની મહાન પુરાતન વિદ્યાપીઠો જેવી કે તક્ષશિલા, નાલંદા, મિથિલા, તેલ્હારા, શારદા, વિક્રમશીલા, વલ્લભી અને સોમપુરા એ વિશ્વભરમાં ''યુવા સશક્તિકરણ હબ'' તરીકે કાર્યરત હતું.

યુવાનો એ આપણા મહાન રાષ્ટ્રનું મૂળ છે અને વચનબદ્ધતા સાથે તેમના સમર્પણે આપણા રાષ્ટ્રના નિર્માણમાં સૌથી મોટું યોગદાન આપ્યું છે. મહાન યોદ્ધા છત્રપતિ શિવાજી મહારાજ, સ્વામી વિવેકાનંદ, વીર સાવરકર, કેશવ બલિરામ હેડગેવાર, સુભાષચંદ્ર બોઝ, મહાકવિ ભરથિયાર અને તિરુપ્પુર કુમારન જેવા યુવા હૃદયસમ્રાટોએ તેમની નિઃસ્વાર્થ સેવાઓ દ્વારા આપણા રાષ્ટ્રના નિર્માણ માટે તેમની યુવાનીનું બલિદાન આપી દીધું છે.

ભારતમાં યુવાનો આપણી વસતિનો સૌથી ગતિશીલ અને વૈવિધ્યસભર હિસ્સો છે. મોટાભાગના વિકસિત રાષ્ટ્રો અત્યારે ઉંમરલાયક કાર્યબળના જોખમનો સામનો કરી રહ્યા છે, ત્યારે આપણા દેશ પાસે વિશ્વની સૌથી વધુ યુવા વસતિ છે. ભારતનું કૌશલ્યબળ જ વૃદ્ધિ, સ્વ-રોજગારની તકોના સર્જન, કૌશલ્યવર્ધન, કૌશલ્યવાન યુવાનો માટે સ્ટાર્ટઅપનું પ્લેટફોર્મ લાગુ કરવા અને કૌશલ્યપૂર્ણ નવતર દિમાગને વિકસાવવા માટેના પ્લેટફોર્મ માટેની અદભુત તકો પૂરી પાડશે. કોઈ પણ રાષ્ટ્રની સફળતાનો આધાર હંમેશા તેના યુવાનોની સફળતા પર રહેલો છે.

રાષ્ટ્રના વિકાસ માટે એક જવાબદાર નાગરિકમાં ''ઉત્કંઠા અને રાષ્ટ્રભક્તિ'' હોવી જરૂરી છે. પરંતુ એક જવાબદાર લીડરે રાષ્ટ્રના સશક્તિકરણ માટે સમર્પણ, કટિબદ્ધતા, રાષ્ટ્રભક્તિ અને દૃઢનિર્ધારશક્તિ દર્શાવવી જરૂરી બને છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આખી દુનિયાને ''યુવા શક્તિ ભારત''ની ક્ષમતા અને તાકાત વિશે નિદર્શન કરાવી દીધું છે.

આઝાદી બાદ પ્રથમવાર, યુવાઓને ઉપરોક્ત ગુણવત્તાઓથી સશક્ત બનાવવા, આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આપણા રાષ્ટ્રને ફરી ''આખા વિશ્વ માટેનું યુવા સશક્તિકરણ હબ'' બનાવવા સતત નવતર પહેલો આદરી છે.

# નવી શિક્ષણ નીતિ (એનઈપી)

**પહેલની જરૂરઃ**

આશરે ૩૦૦૦ વર્ષ પહેલાં, આપણું ગર્વાન્વિત રાષ્ટ્ર તક્ષશિલા અને નાલંદા જેવી વિશ્વ પ્રસિદ્ધ વિદ્યાપીઠો સાથે ''દુનિયાના શિક્ષણની રાજધાની'' ગણાતું હતું જ્યાં વિશ્વભરના યુવાનો જ્ઞાન મેળવવા લાઈન લગાવીને ઊભા રહેતા હતા. ઘણા તેજસ્વીઓ, ભૌતિકશાસ્ત્રીઓ, લેખકો, શાસકો, ખગોળશાસ્ત્રીઓ, રાજકીય વિદ્વાનો આપણી પુરાતન વિદ્યાપીઠોમાં ભણીને વેદ, વેદાંત, આયુર્વેદ, શલ્ય ચિકિત્સા, લશ્કરી કુનેહ, અવકાશવિજ્ઞાન, વાણિજ્ય, રાજનીતિ વગેરે વિષયોમાં સમૃદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરી ચૂક્યા છે. વિદ્યાર્થીઓ તેમને રસ પડે તેવા વિષયની પસંદગી કરી શકતા હતા.

જ્ઞાનના પરિદ્દશ્યમાં આજે આખું વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. સ્વાવલંબી બનવા ઈચ્છતા રાષ્ટ્રએ સમૃદ્ધ જ્ઞાન હાંસલ કરવા સારી શિક્ષણ પ્રણાલિ સ્થાપિત કરીને ભારત વિકાસ માટે યોગદાન આપવું જરૂરી છે. વિશ્વમાં આજે કૌશલ્યવાન અને કુશાગ્ર લોકોની જરૂર છે અને માત્ર ભારત જ આ જરૂરિયાતને પરિપૂર્ણ કરવાની તાકાત ધરાવે છે.

શિક્ષણ અંગેની રાષ્ટ્રીય નીતિની શરૂઆત ૧૯૮૬માં કરાઈ હતી, જે ૩૪ વર્ષ બાદ માત્ર ૨૦૨૦માં જ વાસ્તવિકતા બની શકી છે.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના મિશન ''ભારતની વર્તમાન અને આગામી પેઢીઓને ભવિષ્ય માટે તૈયાર રાખો''. દરેક વિદ્યાર્થીને પોતાની મરજી મુજબનો અભ્યાસ કરવાની તક મળવી જોઈએ.

આ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ એ ૨૧મી સદીની પહેલી શિક્ષણ નીતિ છે અને તેનો ઉદ્દેશ આપણા દેશની ઘણી વિકસતી વિકાસશીલ નિશ્ચયાત્મકતાઓને સંબોધિત કરવાનો છે.

આ નીતિમાં શિક્ષણ માળખાના સંચાલન અને નિયમન સહિત તેના તમામ પાસાઓના પુનરાવર્તન અને નવસર્જનનો પ્રસ્તાવ છે, જેથી ૨૧મી સદીના શિક્ષણના મહત્ત્વાકાંક્ષી ધ્યેયોની સાથે સુસંગત એવી નવી પ્રણાલિનું સર્જન કરી શકાય.

**વર્તમાન શિક્ષણ પ્રણાલિના પડકારોઃ**

- વિદ્યાર્થીઓ જ્ઞાન કરતા માર્ક્સ પર વધુ ધ્યાન આપે છે
- રચનાત્મકતા અને સર્જનશીલતાની ઉણપ
- પ્રેક્ટિકલ જ્ઞાન આધારિતને બદલે થિયરીલક્ષી
- આપણી સમૃદ્ધ પરંપરા અને સંસ્કૃતિ વિશે મૂલ્યોની ઉણપ
- વિદ્યાર્થીઓની ઉત્કંઠા અને રસના વિષયને મહત્ત્વ અપાતું જ નથી
- સારા શિક્ષકોની જરૂરિયાત
- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓના સંચાલન માટે કોઈ અસરકારક સંસ્થા નહીં
- ઊંચી શિક્ષણ ફી

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિના લાભોઃ

- ૧૦+૨ પ્રણાલિનું ૫+૩+૩+૪ ફોર્મેટમાં વિભાજન
- ૩ ભાષાની ફોર્મ્યુલાઃ તમામ વિદ્યાર્થીઓ આ 'ફોર્મ્યુલા' હેઠળ તેમનું સ્કૂલ શિક્ષણ ત્રણ ભાષામાં શીખશે. ત્રણમાંથી ઓછામાં ઓછી બે ભાષાઓ ભારતની પ્રાદેશિક ભાષા હોવી જોઈએ.

  **ઉદાહરણઃ કોઈ વિદ્યાર્થી ચેન્નઈમાં હોય અને તમિળ અને અંગ્રેજી શીખી રહ્યો હોય, તો તેણે અન્ય એક ભારતીય ભાષા શીખવાની પસંદગી કરવી પડશે (મલ્યાલમ, તેલુગુ, કન્નડ, હિન્દી અથવા અન્ય કોઈ રાષ્ટ્રીય ભાષા)**
- કૌશલ્ય-આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપીને વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ કૌશલ્યને વિસ્તારવું
- દેશમાં સંશોધન અને નવતર પ્રયોગોને સુદૃઢ કરવા
- વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ જ્ઞાનને મહત્ત્વ આપવું
- વિદ્યાર્થીઓમાં યુવા વયથી જ વૈજ્ઞાનિક અભિગમ કેળવવા મદદરૂપ થવું
- ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં નવી ગુણવત્તા સ્થાપવી જે વૈશ્વિક માપદંડોની સમકક્ષ હોય
- ડિજિટલ શિક્ષણને સુદૃઢ બનાવવા તમામ માટે પોષાય તેવું શિક્ષણ
- વિદ્યાર્થીઓ તેમની ડિગ્રી માટે ગુરુ અને લઘુ વિષયોની પસંદગી કરવા મુક્ત
- પ્રેક્ટિકલ એસાઈન્મેન્ટ, કૌશલ્ય વિકાસને વધુ મહત્ત્વ
- તમામ ઉચ્ચ શિક્ષણ માટે એક જ શિક્ષણ નિયમનકાર

# રાષ્ટ્રીય ભરતી એજન્સી

**પહેલની જરૂર:**

આશરે ૧.૨૫ લાખ સરકારી નોકરીઓની દર વર્ષે જાહેરાત કરાય છે જેના માટે ૨.૫ કરોડ ઉત્સુક ઉમેદવારો વિવિધ પરીક્ષાઓમાં ભાગ લે છે જેમાંના મોટાભાગના યુવાનો હોય છે.

હાલ, નોકરી ઉત્સુક ઉમેદવારે વિવિધ હોદ્દાઓ માટે બહુધા ભરતી કરનારી એજન્સીઓ દ્વારા લેવાતી અલગ-અલગ પરીક્ષાઓમાં ભાગ લેવો પડે છે. ઉમેદવારોએ આ બહુધા ભરતી એજન્સીઓને ફી પણ ચૂકવવી પડે છે અને વિવિધ પરીક્ષામાં ભાગ લેવા લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે.

આ બહુધા ભરતી પરીક્ષાઓ એક રીતે યુવા ઉમેદવારો તેમજ સંલગ્ન ભરતી એજન્સીઓ, એ બંને માટે બોજારૂપ હોય છે, જેમાં ટાળી શકાય તેવો/વારંવારનો ખર્ચ, કાયદા અને આદેશ/સુરક્ષાને લગતા મુદ્દાઓ અને સ્થળ સંબંધિત સમસ્યાઓ સામેલ હોય છે.

ઉદાહરણ સ્વરૂપે, હાલમાં જ, કોઈ યુવાન સ્ટાફ સિલેક્શન કમિશન (એસએસસી), રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ (એસએસસી) અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ બેન્કિંગ પર્સનલ સિલેક્શન (આઈબીપીએસ) માટે પણ અરજી કરવા માગે છે, તો તેણે ત્રણેય માટેની પ્રિલિમિનરી પરીક્ષા (પીટી) અને ત્રણ ટિયર-૨ પરીક્ષામાં ભાગ લેવો પડશે અને પછી જરૂર હોય ત્યાં શારીરિક કસોટી અને તબીબી ચકાસણી કરાવવી પડે છે.

**પડકારો:**

- બહુધા પ્રવેશ પરીક્ષાઓ (૬)
- બહુધા એજન્સીઓ સંપર્ક અને સંકલન માટે
- મર્યાદિત પરીક્ષા કેન્દ્રો
- પ્રવાસ અને રોકાણને લીધે વધારાનું નાણાકીય ભારણ
- ફક્ત ૨ ભાષામાં પરીક્ષાઓ (અંગ્રેજી અને હિન્દી)

**રાષ્ટ્રીય ભરતી એજન્સીના લાભો:**

- ત્રણ લેવલ માટે એક જ કોમન એન્ટરન્સ ટેસ્ટ (કેટ) લેવાશે:
- સ્નાતક, ઉચ્ચતર માધ્યમિક (૧૨મું પાસ) અને મેટ્રિક્યુલેટ (૧૦મું પાસ) ઉમેદવારો.
- કેટ વર્ષમાં બે વાર લેવાશે
- કોઈ પણ ઉમેદવારનો કેટ સ્કોર પરિણામ જાહેર થયાની તારીખથી ત્રણ વર્ષની અવધિ માટે માન્ય ગણાશે.
- કેટમાં ભાગ લેવા માટે કોઈ ઉમેદવાર દ્વારા કરાતા પ્રયાસોની સંખ્યા પર કોઈ નિયંત્રણ નહીં
- એસસી/એસટી/ઓબીસી તથા અન્ય કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં રાહત
- ભારતના બંધારણના આઠમા પરિશિષ્ટમાં ઉલ્લેખિત (તમિળ સહિતની) ૧૨ ભાષાઓમાં આ પરીક્ષા લેવાશે.
- એક જ એલિજિબિલિટી ટેસ્ટથી ભરતીના ચક્રમાં 'નોંધપાત્ર ઘટાડો' થશે
- બહુધા પરીક્ષાઓમાં ભાગ લેવાની ઝંઝટ દૂર કરે છે
- એક જ પરીક્ષા ફી હોવાને કારણે લેવાતી બહુધા પરીક્ષાઓના નાણાકીય બોજામાં ઘટાડો થશે.





- પરીક્ષા દરેક જિલ્લામાં લેવાશે, માટે તેનાથી ઉમેદવારો માટે પ્રવાસ અને રોકાણના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. પોતાના જ જિલ્લામાં પરીક્ષા લેવાની હોવાથી વધુને વધુ મહિલા ઉમેદવારોને પણ સરકારી નોકરીઓ માટે અરજી કરવા પ્રોત્સાહન મળશે
- અરજદારોએ એક જ રજિસ્ટ્રેશન પોર્ટલમાં નોંધણી કરાવવાની રહેશે
- પરીક્ષાની તારીખોમાં અથડામણ થવાની પણ કોઈ ચિંતા નહીં
- ભરતી ચક્રમાં નોંધપાત્ર ઘટાડો કરે છે
- પરીક્ષાની પેટર્નનું પણ સ્ટાન્ડર્ડાઈઝેશન કરે છે.
- વિભિન્ન ભરતી એજન્સીઓના ખર્ચમાં પણ ઘટાડો થશે. રૂ. ૬૦૦ કરોડની બચત અપેક્ષિત.
- સરકાર દ્વારા રાષ્ટ્રીય ભરતી એજન્સીની સ્થાપના માટે રૂ. ૧૫૧૭ કરોડનું બજેટ ફાળવાયું





# બેકારી ભથ્થું- અટલ બિમિત વ્યક્તિ કલ્યાણ યોજના

**પહેલની જરૂર:**

હાલની કોવિડ ૧૯ મહામારીની સ્થિતિને લીધે ઔદ્યોગિક ક્ષેત્રને સૌથી ખરાબ અસર થઈ છે. ઔદ્યોગિક કામદારો જેમાં મોટાભાગના યુવાનો છે તેઓની ક્યાંતો નોકરી જતી રહી છે અથવા જવાની તૈયારીમાં છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા સુનિશ્ચિત કર્યું છે કે, સમાજના દરેક વર્ગના લોકો, ખાસકરીને ગ્રામિણવિસ્તારના યુવાનોને સરકાર તરફથી તમામ જરૂરી સહાય મળે.

**બેરોજગારી ભથ્થાના લાભો:**

કામદારો ૯૦ દિવસ (માર્ચ ૨૪થી ૩૧ ડિસેમ્બર વચ્ચે બેકારી) માટે રોજની સરેરાશ આવકના ૫૦% માટે દાવો કરી શકે છે

૩૫ લાખથી વધુ કામદારો (ખાસકરીને યુવાનો)ને આ પહેલનો લાભ મળશે

એમ્પ્લોઈ સ્ટેટ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન (ઈએસઆઈસી) હેઠળ નોંધાયેલા તમામ કામદારો લાયક ઠરશે

**લાયકાત:**

કામદાર ૨ વર્ષ (૧ એપ્રિલ ૨૦૧૮થી ૩૧ માર્ચ, ૨૦૨૦) માટે ઈએસઆઈ સ્કીમનો હિસ્સો હોવો જોઈએ અને તેણે ૭૮ દિવસ (૧ ઓક્ટો ૨૦૧૯થી ૩૧ માર્ચ, ૨૦૨૦) સુધી યોગદાન આપેલું હોવું જોઈએ

**વધુ માહિતી માટે www.esic.nic.in/information-benefits**





# સ્કીલ ઈન્ડિયા - પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (પીએમકેવીવાય)

**પહેલની જરૂર:**

ભારતના યુવા કાર્યબળનો એક નાનકડો હિસ્સો જ સત્તાવાર કૌશલ્ય તાલીમ ધરાવે છે, જ્યારે ભારત પાસે વિશ્વની સૌથી મોટી યુવા વસતિ અને જરૂરિયાત કૌશલ્ય અને તાલીમ છે જે વધુ સારી રોજગાર અને સ્વ-રોજગાર તકોનું સર્જન કરી શકે છે. ભારતીય અર્થતંત્રે વિકાસ પામવો હોય, તો દરેક ક્ષેત્રને ઉત્પાદકીયતા વધારવા તાલીમબદ્ધ કાર્યબળની જરૂર પડશે.

ભારત પાસે ઉંમરલાયક વિકસિત વિશ્વ માટે દુનિયાભરમાં ઉચ્ચ કૌશલ્યવાન કાર્યબળ પૂરું પાડવાની ક્ષમતા છે. કૌશલ્ય તાલીમ હાથ ધરીને રોજગાર પાત્ર બનવા અને ખાસકરીને ગ્રામિણવિસ્તારોમાંથી પોતાની આજીવિકા પ્રાપ્ત કરવા ભારતીય યુવાનોને એકત્રિત કરીને પ્રેરિત કરવા. વર્તમાન કાર્યબળની ઉત્પાદકીયતા વધારવા અને દેશની તાલીમ તથા પ્રમાણપત્રની જરૂરિયાતોને એકીકૃત કરવા.

**પડકારો:**

- શીખવા માટે કોઈ યોગ્ય તાલીમ કેન્દ્રો નથી (પાયાગત અને ટૂંકાગાળાના)
- કૌશલ્ય વિના, પાયાગત રોજગાર મેળવવો મુશ્કેલ હતો
- ઉદ્યોગની માગ અને ઉપલબ્ધ કૌશલ્ય વચ્ચે કૌશલ્યનો મોટો તફાવત
- ગ્રામિણ યુવાનો મોટાભાગે કૌશલ્યવિહિન હતા

**સ્કીલ ઈન્ડિયાના લાભો:**

- રોજગારમાં વૃદ્ધિ
- યુવાનોના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ
- ઉત્પાદકીયતા અને જ્ઞાનમાં સુધારો
- યુવાનોને બ્લુ-કોલર રોજગાર માટે સક્ષમ બનાવવા
- સ્કૂલ સ્તરે જ કૌશલ્યનો વિકાસ
- તમામ ક્ષેત્રોમાં સમતોલ વૃદ્ધિ
- તમામ નોકરીઓને સમાન મહત્ત્વ
- દરેક નોકરી વાંચ્છુક માટે હળવા કૌશલ્યની તાલીમ ફરજિયાત
- ગ્રામિણ અને અંતરિયાળ ભારત સાથે ટચ બેઝ માટે

## નવતર પહેલની સિદ્ધિઓ (ઓગ ૨૦૨૦ના રોજ):

| વિવરણ | વિગતો |
|---|---|
| તાલીમ કેન્દ્ર (આગોતરું શીખવું) | 22550 |
| તાલીમબદ્ધ ઉમેદવારો | 3320403 |
| તાલીમી ભાગીદારો | 141 |
| નોકરીની ભૂમિકાઓ | 586 |
| ટૂંકા ગાળાના તાલીમ કેન્દ્ર | 8804 |
| તાલીમબદ્ધ ઉમેદવારો | 3417641 |
| પ્લેસમેન્ટની ટકાવારી | 56% |

વધુ માહિતી માટે **http://www.pmkvyofficial.org/Index.aspx**



# સ્ટાર્ટઅપ ઈન્ડિયા

**પહેલની જરૂર:**

ભારતીય લોકો ખાસકરીને યુવાનોમાં આપણા અર્થતંત્ર માટે યોગદાન આપવાની અદભુત ક્ષમતા, કૌશલ્ય અને સંભાવનાઓ છે. ઘણા કૌશલ્યસભર યુવા ઉદ્યોગસાહસિકો તેમનો પોતાનો વ્યાપાર શરૂ કરવા ઈચ્છે છે, પરંતુ નાણાકીય સહાય તથા અન્ય નિયમનોના અભાવે, લોકો તેમનો વ્યાપાર શરૂ કરી શકતા નથી.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ઈચ્છે છે કે યુવાનોને 'નોકરી વાંચ્છુક'ને બદલે 'નોકરીદાતા' તરીકે સશક્ત કરાય.

શ્રી નરેન્દ્ર મોદીની મહત્ત્વાકાંક્ષા અને પરિદૃશ્ય તો ભારતને 'યુવા સશક્ત અર્થતંત્ર' બનાવવાનું છે. આના માટે સહાયના અદભુત મંચની જરૂર છે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયા હબ એ એકબીજા સાથે સંપર્કસ્થાપના, જ્ઞાનના વિનિમય અને અત્યંત વૈવિધ્યસભર વાતાવરણમાં સફળ ભાગીદારી સ્થાપવા માટે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં તમામ હિતધારકો માટેનું વન-સ્ટોપ પ્લેટફોર્મ છે.

**સ્ટાર્ટઅપ ઈન્ડિયાના લાભો:**

- સ્ટાર્ટઅપને પ્રમોટ કરવા રૂ. ૧૦,૦૦૦ કરોડનું સમર્પિત ફંડ
- ઈ-રજિસ્ટ્રેશન અને સ્વ-પ્રમાણપત્ર અનુસરણ
- પ્રથમ ૩ વર્ષ સુધી કોઈ નિરીક્ષણ નહીં
- પ્રથમ ૩ વર્ષ સુધી નફા પર કોઈ આવકવેરો નહીં
- એક દિવસમાં જ સ્ટાર્ટ-અપ નોંધણી માટે મોબાઈલ એપ
- સંપર્કના સિંગલ પોઈન્ટ તરીકે હબ તરીકે સ્ટાર્ટઅપ ઈન્ડિયા
- સરળ એક્ઝિટ નીતિ
- મહિલા અરજદારો માટે ખાસ વ્યવસ્થા

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વમાં, પહેલી વાર સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ શરૂ કરાઈ છે અને આત્મનિર્ભર ભારત માટે યોગદાન આપવા યુવાનાના દિમાગને વધુ નવતર પ્રયોગો માટે સશક્ત કર્યું છે.

**નવતર પ્રયોગોની સિદ્ધિ (ઓગ ૨૦૨૦ સુધી):**

| વિવરણ | વિગતો |
|---|---|
| કુલ માન્ય સ્ટાર્ટઅપ્સ | 35,547 |
| સિડબી ફંડેડ | 264 |
| સ્ટાર્ટઅપ ઈન્ડિયા હબ સભ્યો | 4,24,371 |

વધુ માહિતી માટે **https://www.startupindia.gov.in/**

# રાષ્ટ્રીય આંત્રપ્રેન્યોરશીપ એવોર્ડ્સ

**પહેલની જરૂર:**

યુવાવર્ગ પાસે કૌશલ્ય છે. કૌશલ્યને માન્યતાની જરૂર પડે છે. માન્યતાથી સહભાગીપણું અને યોગદાન વધે છે.

ભારતના કૌશલ્યવાન યુવાઓ પરિવર્તન અને આપણા રાષ્ટ્ર વિકાસમાં યોગદાન આપવાની જવાબદારી ઉઠાવવા ઉત્સુક છે ત્યારે યુવા પ્રથમ-પેઢીના આંત્રપ્રેન્યોર્સ તથા તેમની ઈકોસિસ્ટમના નિર્માણકર્તાઓને આંત્રપ્રેન્યોરશીપના વિકાસમાં તેમના અમૂલ્ય યોગદાન બદલ માન્યતા આપીને તેમનું સન્માન કરવું જરૂરી બને છે.

આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હંમેશાથી યોગ્ય માન્યતા સાથે કૌશલ્યવર્ધનમાં માનતા આવ્યા છે.

રાષ્ટ્રીય આંત્રપ્રેન્યોરશીપ એવોર્ડ્સની શરૂઆત ૨૦૧૬માં યુવા કૌશલ્યને ઓળખી કાઢવા માટે કરાઈ હતી.

**એનઈએના લાભો:**

- ઘણા ક્ષેત્રોને સામેલ કરાયા (ટેક્સટાઈલ્સ, કૃષિ, આરોગ્ય, પર્યટન, લોજિસ્ટિક્સ વગેરે)
- સેક્ટર્સ એવોર્ડ અને સ્પેશિયલ કેટેગરી એવોર્ડ્સ તરીકે એવોર્ડ્સનું કેટેગરાઈઝેશન
- વિજેતાઓનું ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર (૫ લાખ અને ૧૦ લાખ) વડે સન્માન
- પ્રથમ ૩ વર્ષ સુધી કોઈ નિરીક્ષણ નહીં
- પ્રથમ ૩ વર્ષ સુધી નફા પર કોઈ આવકવેરો નહીં

**અન્ય સૂચિત નવતર પહેલો (આંત્રપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ):**

- ભારતભરમાં સંભવિત અને આરંભિક તબક્કાના ઉદ્યોગસાહસિકોને સુશિક્ષિત અને સુસજ્જ કરવા
- ઉદ્યોગસાહસિકોને તેમના સમકક્ષો, મેન્ટર્સ, ઈન્ક્યુબેટર્સ સાથે જોડવા
- આંત્રપ્રેન્યોરશીપ હબ્સ (ઈ-હબ્સ) દ્વારા આંત્રપ્રેન્યોર્સને સહાય કરવી
- આંત્રપ્રેન્યોરશીપને પ્રોત્સાહિત કરવા કલ્ચર શીફ્ટને લાગુ કરવું
- ઓછા પ્રતિનિધિત્વવાળા ગ્રુપમાં આંત્રપ્રેન્યોરશીપને ઉત્તેજન આપવું
- મહિલાઓમાં આંત્રપ્રેન્યોરશીપને પ્રોત્સાહિત કરવી
- સામાજિક આંત્રપ્રેન્યોરશીપ અને પાયાગત નવતર સંશોધકોની માવજત

**વધુ માહિતી માટ https://www.msde.gov.in/nea.html**

# ખેલો ઈન્ડિયા

**પહેલની જરૂર:**

એક ચુસ્ત દિમાગ અને શરીર કોઈ પણ વ્યક્તિમાં ઘણી રીતે વધુ સારું યોગદાન આપીને ઉત્તમ ગુણો કેળવી શકે છે. કોઈ રાષ્ટ્રની યુવા શક્તિનું આકલન રમત-ગમતમાં તેમના સક્રિયપણે ભાગ લેવાના આધારે કરાય છે.

રમતગમત એ આપણા રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાધન છે. કોઈના પણ જીવનમાં રમતગમત અને ફીટનેસની મહત્ત્વતા અમૂલ્ય છે. રમત-ગમત થકી સંઘ ભાવના કેળવાય છે અને વ્યક્તિમાં વ્યૂહાત્મક વિચારધારા, વિશ્લેષણાત્મક વૈચારિકશક્તિ, નેતૃત્ત્વનું કૌશલ્ય, ધ્યેય નિર્ધારણ અને જોખમ લેવાની ક્ષમતા વિકસે છે. એક ચુસ્ત અને તંદુરસ્ત વ્યક્તિ જ તંદુરસ્ત સમાજ અને મજબૂત રાષ્ટ્ર તરફ દોરી જઈ શકે છે.

કમનસીબે, આપણા દેશના યુવાનો અને બાળકો પાસે એવો કોઈ મંચ નથી કે જેના થકી તેઓ તેમના રમતગમતના કૌશલ્યોને ઓળખી અને દર્શાવી શકે.

આપણા દેશમાં પ્રથમવાર ખેલો ઈન્ડિયાને પ્રસ્તુત કરાયું છે જેથી આપણા દેશમાં રમાતી દરેક રમત-ગમત માટે મજબૂત માળખાનું નિર્માણ કરીને ભારતમાં રમતગમતની સંસ્કૃતિનું પાયાના સ્તરથી નવસર્જન કરી શકાય તેમજ ભારતને એક મહાન રમત-ગમત રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરી શકાય.



## ખેલો ઈન્ડિયાના લાભો:

- કૌશલ્યપૂર્ણ યુવા ખેલાડીઓને ઉચ્ચ-સત્તાધારી સમિતિ દ્વારા વિવિધ સ્તરે ઘણા રમત-ગમત ક્ષેત્રમાં પ્રાથમિકતાના ધોરણે ઓળખી કઢાય છે અને તેમને ૮ વર્ષ માટે પ્રતિ વર્ષ રૂ. ૫ લાખની વાર્ષિક નાણાકીય સહાય પૂરી પડાય છે. એવોર્ડ્સને સેક્ટર એવોર્ડ્સ અને સ્પેશિયલ કેટેગરી એવોર્ડ્સ તરીકે કેટેગરાઈઝ્ડ કરાયા છે.

- તીરંદાજી, એથ્લેટિક્સ, બેડમિંટન, બાસ્કેટબોલ, બોક્સિંગ, ફૂટબોલ, જીમ્નેસ્ટિક્સ, હોકી, જૂડો, કબડ્ડી, ખો-ખો, શૂટિંગ, સ્વીમિંગ, વોલીબોલ, વેઈટલિફ્ટિંગ અને કુશ્તી જેવી રમતોને ગ્રામિણ ભારતના સહભાગીપણા માટે ખાસ પ્રોત્સાહિત કરાય છે

- ૧.૬ કરોડ કરતા વધુ બાળકો અને યુવાનોએ ભારતભરમાં આ સ્કીમ હેઠળ રમત-ગમતને સ્વીકૃત કરવાના શપથ લીધા છે

# એક દેશભક્ત સૈનિક તરીકે







# ૪. એક દેશભક્ત સૈનિક તરીકે

**આપણી માતાની કાળજી લેવી અને સેવા કરવી એ આપણી ફરજ છે**
**પરંતુ આપણા રાષ્ટ્રનું રક્ષણ કરવું અને તેના માટે જીવનનું બલિદાન આપવું એ રાષ્ટ્રભક્તિ છે.**

આપણા રાષ્ટ્રના ઇતિહાસમાં ચંદ્રગુપ્ત મોર્ય, અશોક, રાજા રાજ ચૌલા, ક્રિશ્નદેવરાયા અને શિવાજી મહારાજ જેવા મહાન યોદ્ધાઓ થયા છે જેમણે તેમના સૈન્યની ઘણા અવિસ્મરણિય વિજયોમાં દોરવણી કરીને આપણા મહાન રાષ્ટ્રનું રક્ષણ કર્યું છે.

એક રાષ્ટ્રને મજબૂત અને રક્ષણાત્મક બનાવવા એક મજબૂત સૈન્યબળની જરૂર પડે છે માત્ર રક્ષણ કાજે જ નહીં, પરંતુ કોઈ પણ શત્રુ તેની ઉશ્કેરણી કરે તો જડબાતોડ જવાબ આપવા માટે પણ.

પરંતુ પોલીસ દળ સહિત મજબૂત સૈન્યબળ સ્વતંત્રતા સાથે ત્યારે જ કામ કરી શકે જ્યારે તેમની પાસે એક રાષ્ટ્રભક્ત નેતાઓ હોય જે અગ્રિમ હરોળમાં રહીને નેતૃત્ત્વ કરે. આપણા રાષ્ટ્રભક્ત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જ દુનિયાભરના એવા એકમાત્ર વડાપ્રધાન છે કે જેઓ સતત ૬ વર્ષથી પોતાનો દિવાળી ઉત્સવ સરહદ પર જઈને આપણા રાષ્ટ્રના સશસ્ત્ર દળો સાથે ઉજવી રહ્યા છે.

સશસ્ત્ર દળોનું મનોબળ ઊંચુ રહે તેમજ તેમની રાષ્ટ્રભક્તિ અને બલિદાનની ભાવના ઉજાગર રહે તે માટે સામેપક્ષે પણ વિકાસ અને સશક્તિકરણ એટલું જ જરૂરી છે. ઇતિહાસમાં પહેલીવાર, આપણા સશસ્ત્ર દળોને સશક્ત બનાવવા ઘણી કલ્યાણકારી યોજનાઓ લાગુ કરાઈ છે.

વિશ્વના અન્ય દેશોની જેમ, રાષ્ટ્રની સુરક્ષા અને શાંતિ સામે ત્રાસવાદ અને કટ્ટરવાદ એ સૌથી મોટા જોખમો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્ત્વ હેઠળ, ભારતની વિદેશ અને સંરક્ષણ નીતિઓને એટલી મજબૂત બનાવાઈ છે કે જેથી પરિવર્તનશીલ રાષ્ટ્રીય વૃદ્ધિ અને વિકાસ હાંસલ કરવા માટે શાંતિપૂર્ણ અને અનુકૂળ વાતાવરણ પૂરું પાડી શકાય.

દેશના નાગરિકનો જીવ બચાવવો એ ડોક્ટરનું કર્તવ્ય છે, નાગરિકનું જીવન બચાવવું એ જવાબદાર નેતાની ફરજ છે. ૨૦૦૪-૨૦૦૯થી ત્રાસવાદી બોંબ હુમલાઓમાં હજારો નિર્દોષ પરિવારોએ તેમના સ્વજનોને ગુમાવ્યા છે.

પરંતુ ૨૦૧૪થી આપણા સશસ્ત્ર દળો અને પોલીસ દળોના સમર્પણ, દેશભક્તિ, વચનબદ્ધતા અને બલિદાન થકી એક પણ બોંબ વિસ્ફોટ થયો નથી.

આપણા ગર્વાન્વિત રાષ્ટ્રના રક્ષણ માટે આ નિઃસ્વાર્થ સેવા આપવા બદલ આપણા સશસ્ત્ર અને પોલીસ દળોને આપણે સલામ તો કરવી જ પડે.

**સશક્તિકરણ પહેલો:**

- ૭૦ વર્ષ જૂનું સ્વપ્ન, વોર મેમોરિયલને આપણા સૈનિકોના બલિદાન પ્રત્યે આદરભાવ માટે સમર્પિત કરાયું
- ભારતીય ઇતિહાસમાં પ્રથમવાર, એક ફુલ-ટાઈમ મહિલા સંરક્ષણપ્રધાનની મોદી ૧.૦ના ગાળા દરમિયાન નિમણૂંક કરાઈ - મહિલાના નેતૃત્ત્વમાં વિકાસ માટેનું સર્વોત્તમ ઉદાહરણ.
- સંરક્ષણ અને મુકાબલાની ભૂમિકાઓમાં મહિલાઓ માટે મોટી ભૂમિકાઓનું સશક્તિકરણ
- સશસ્ત્ર દળો માટે વધુ એકીકૃત નિર્ણયો લેવા માટે પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની (સીડીએસ) ભૂમિકા રચાઈ
- મિશન શક્તિઃ સફળ એન્ટિ-સેટેલાઈટ મિસાઈલ ટેસ્ટ (માત્ર યુએસએ, રશિયા અને ચીન પછી)
- વન રેન્ક વન પેન્શનના અમલથી ૨૪ લાખ કરતા વધુ પૂર્વસૈનિકો અને યુદ્ધમાં શહીદ સૈનિકોની વિધવાઓને લાભ જે મુદ્દો ૧૯૭૩થી પડતર હતો અને તેના માટે રૂ. ૩૫,૦૦૦ કરોડની મંજૂરી
- પ્રથમવાર, ભારતીય સૈન્યે સર્જીકલ સ્ટ્રાઈક કરીને સરહદપારના ત્રાસવાદી લોંચ પેડ્સનો ખાત્મો બોલાવ્યો (પાકિસ્તાન અને મ્યાંમાર)
- ભારતીય ઉદ્યોગોને મોટું ઉત્તેજન- મેક ઈન ઈન્ડિયાને ઉત્તેજન આપવા વિવિધ ભારતીય ઉદ્યોગો સાથે રૂ. ૧.૧ લાખ કરોડના મૂલ્યના ૧૨૮ કરારો પર હસ્તાક્ષર
- પૂર્વ-સૈનિક/વિધવાની દીકરીના લગ્ન માટેની ગ્રાન્ટ રૂ. ૧૬,૦૦૦થી વધારીને રૂ. ૫૦,૦૦૦ કરી
- ભારતે રાફેલ ફાઈટર જેટ સોદો કરીને અગાઉની સરકારની તુલનામાં રૂ. ૧૨,૬૦૦ કરોડ બચાવ્યા
- પ્રથમવાર ભારતીય સૈનિકોને બુલેટપ્રુફ જેકેટ્સ અપાયા (૨,૩૦,૦૦૦ કરતા વધુ મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સ)
- ડિફેન્સ ઈનોવેશન સેન્ટર - કોઈમ્બતુરને રૂ. ૨૦ કરોડની ગ્રાન્ટ
- ડિફેન્સ પ્રોડક્શન કોરિડોર્સ- તમિળનાડુ (ચેન્નઈ, સેલમ, હોસુર, કોઈમ્બતુર, ત્રિચી) અને ઉત્તરપ્રદેશમાં સ્થાપીને ભારતીય એમએસએમઈને સ્થાનિક ઉત્પાદનને સહાયભૂત થવામાં મદદ
- ભારતની ૧૫,૧૦૬ જમીની સરહદ અને ૭૫૧૬ દરિયાઈ સીમાનું ૨૪x૭ સમર્પણ અને દેશભક્તિની ભાવના સાથે દરરોજે, હર પળ રખોપું
- ડાબેરી વિચારધારાવાળા કટ્ટરવાદ (એલડબ્લ્યુઈ) બનાવોની સંખ્યામાં ૬૦% ઘટાડો
- નક્સલવાદ અને ડાબેરી વિચારધારાવાળી હિંસાને ૫૦ કરતા વધુ જિલ્લામાંથી દૂર કરાઈ
- નક્સલવાદી હિંસાને કારણે સુરક્ષાદળોની જાનહાનિમાં ૫૫%નો ઘટાડો
- નેશનલ ઈન્ટેલિજન્સ ગ્રીડ થકી ભારતને કાઉન્ટર ટેરરિઝમ ક્ષમતામાં ભારે મદદ
- પ્રથમવાર, ભારતે કોમ્પ્રિહેન્સિવ ઈન્ટિગ્રેટેડ બોર્ડર મેનેજમેન્ટ સિસ્ટમ (સીઆઈબીએમએસ)નો અમલ કર્યો જેથી ભારતીય સરહદોનું લેટેસ્ટ ટેકનોલોજી સાથે રક્ષણ કરી શકાય.
- વિક્રમી રૂ. ૩ લાખ કરોડની છેલ્લા ૩ વર્ષમાં બોર્ડર એરિયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ ફાળવણી કરીને સરહદી વિસ્તારોમાં વિકાસના કાર્યો હાથ ધર્યા.







**મુખ્યઅંશોઃ**


- ટ્રાઈ-સર્વિસીઝ દ્વારા સંરક્ષણ આઈટમો માટે ૨૬૦ યોજનાઓ એપ્રિલ ૨૦૧૫થી ઓગસ્ટ ૨૦૨૦ દરમિયાન રૂ. ૩.૫ લાખ કરોડના ખર્ચે શરૂ કરાઈ
- ઘણા સરહદી વિસ્તારોમાં ટનલો તથા બાંધકામ પ્રોજેક્ટ ફક્ત ૨૦૧૮-૧૯માં હાથ ધરાયા/પૂર્ણ કરાયા (થેંગ ટનલ, સે લા ટનલ, અખનૂર-પૂંચ રોડ, રોહતાંગ ટનલ, લડાખમાં હાઈએસ્ટ મોટરેબલ રોડ)
- ભારતીય સૈન્ય યુએન પીસકિપિંગમાં અગ્રણી ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે જેમાં વિશ્વભરમાં યુએનના ૫૦% મિશનમાં તેની ઉપસ્થિતિ
- સંરક્ષણ રોકાણકાર સેલને જાન્યુઆરી ૨૦૧૮માં લોંચ કરાઈ, જે સંરક્ષણ ક્ષેત્રમાં કાર્યરત ઉદ્યોગો માટે મિત્ર તરીકેની ભૂમિકા અદા કરશે
- ઈન્ડેક્સ સ્કીમઃ સંરક્ષણ અને એરોસ્પેસ ક્ષેત્રમાં એમએસએમઈ, સ્ટાર્ટ-અપ્સ, વ્યક્તિગત સંશોધનકાર, આરએન્ડડી સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ સહિતના ઉદ્યોગોને જોડીને નવતર સંશોધનો તથા ટેકનોલોજી વિકાસની માવજત કરવા એક ઈકોસિસ્ટમની રચના તેમજ તેમને આરએન્ડડી હાથ ધરવા ગ્રાન્ટ્સ/ ફન્ડિંગ તથા અન્ય સહાય પૂરી પાડવાનો ઉદ્દેશ.

આઈડેક્સ સ્કીમ, ડિફેન્સ ઈન્ડિયા સ્ટાર્ટઅપ ચેલેન્જિનસ (ડિસ્ક્સ)નું આયોજન થઈ રહ્યું છે

| સેવા દળ | પડકારોની સંખ્યા | સ્ટાર્ટઅપ પ્રત્યુત્તરોની સંખ્યા |
|---|---|---|
| ભારતીય સૈન્ય | 4 | 159 |
| ભારતીય હવાઈદળ | 5 | 222 |
| ભારતીય નૌકાદળ | 4 | 173 |
| એચએએલ | 2 | 82 |
| કુલ | 15 | 636 |


No of Licenses Issued
80
70
60
50
40
30
20
10
0
9
24
74
No of Licenses


Value of Production of Defence PSUs
46000
45000
44000
43000
42000
41000
40000
39000
38000
37000
39729
40788
43554
45011
Defence PSUs (Value)
2015-16
2016-17
2017-18
2018-19


Total Defence Exports(Rs in Crore)
12000
10000
8000
6000
4000
2000
0
1521
4682
10745
Export in Cr (INR)
2016-17
2017-18
2018-19



# સમર્પિત
# કાર્યકર્તા તરીકે







# ૫. સમર્પિત કાર્યકર્તા તરીકે

**પરિવારની સેવા કરવા કોઈ પણ વ્યક્તિએ પોતાના કઠિન પરિશ્રમનું સમર્પણ કરવું પડે છે.**
**રાષ્ટ્રની સેવા કરવા માટે કોઈ પણ વ્યક્તિએ પોતાના સંપૂર્ણ જીવનનું સમર્પણ કરવું પડે છે.**

શ્રી નરેન્દ્ર મોદીએ યુવાવસ્થાથી જ પોતાનું સંપૂર્ણ જીવન આપણા રાષ્ટ્રની સેવામાં સમર્પિત કરી દીધું હતું. એક સાધારણ પરિવારમાં રાષ્ટ્રપ્રેમની ભાવના સાથે જન્મેલા, શ્રી નરેન્દ્ર મોદી ૧૯૮૫માં ભાજપમાં જોડાયા હતા અને પરિવર્તન લાવવાની પોતાની કટિબદ્ધતા, ઉત્કંઠા અને દ્રઢનિર્ધાર સાથે, એક કાર્યકર્તા તરીકેની તેમની દરેક સેવાથી રાષ્ટ્રને ફાયદો થયો છે.

ભારતીય જનતા પાર્ટી - વિશ્વના સૌથી મોટા રાજકીય પક્ષ કે જે પોતાના અસંખ્ય કાર્યકરોના સમર્પણ અને સમાવેશીકરણ દ્વારા ''રાષ્ટ્રપ્રથમ'' અભિગમ દ્વારા લોકશાહીનું મૂલ્ય જાળવવા ઉપરાંત તેને અનુસરીને પૂરી પાડવામાં આવે છે.

**કાર્યકર્તા- એક એવી વ્યક્તિ કે જે ભારતની સંસ્કૃતિ અને પરંપરાના મૂલ્યો જાળવવા ઉપરાંત આમ આદમી સાથે પાયાના સ્તરે જોડાયેલો રહીને તેમની જરૂરિયાતોને સમજીને તે મુજબ રાષ્ટ્રની પ્રગતિ પ્રત્યે કટિબદ્ધતા સાથે સમાજની સેવા કરે છે.**

શ્રી નરેન્દ્ર મોદીની એક કાર્યકર્તા તરીકેની સૌથી યાદગાર ક્ષણ ૧૯૯૧ની એકતાયાત્રા હતી. આ એકતાયાત્રાનું આયોજન રાષ્ટ્રીય એકતા અને અખંડતા, ખાસકરીને જમ્મુ અને કાશ્મીરની પરિસ્થિતિની જરૂરિયાતની અભિવ્યક્તિ માટે કરાયું હતું. કન્યાકુમારીથી આ યાત્રા ભાજપના તત્કાલીન અધ્યક્ષ શ્રી મુરલી મનોહર જોશીની આગેવાનીમાં શરૂ થઈ હતી.

શ્રીનગર ખાતે ૨૬ જાન્યુઆરી, ૧૯૯૨ના રોજ લાલ ચોક પર આપણા રાષ્ટ્રધ્વજને લહેરાવાની સાથે આ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. તે સમયે ઘણા રાષ્ટ્રભક્ત કાર્યકર્તાઓએ પોતાની નસેનસમાં વહેતી રાષ્ટ્રભાવના અને હૃદયમાં રાષ્ટ્રએકતાના ભાવ સાથે ત્રાસવાદી હુમલાની ધમકીઓની કોઈ પરવાહ કરી નહોતી.

પાર્ટીના ૪૦મા સ્થાપના દિને, શ્રી નરેન્દ્ર મોદીએ એક કાર્યકર્તા તરીકે ભાજપના કાર્યકર્તાઓને કોરોનાવાઈરસ મહામારીની કટોકટીમાં રાષ્ટ્રની સેવા માટે પાંચ ચીજો કરવાની વિનંતી કરી હતી.

**પહેલી- ગરીબો માટે ભોજનઃ** શ્રી નરેન્દ્ર મોદીએ ભાજપના કાર્યકર્તાઓને કહ્યું હતું કે ગરીબોને અનાજ પહોંચાડીને મદદ કરો જેથી એ સુનિશ્ચિત કરાય કે આપણા એક પણ ગરીબ ભાઈ-બહેન ભૂખ્યાપેટે સૂઈ ન જાય.

**બીજી- માસ્કનું વિતરણઃ** શ્રી નરેન્દ્ર મોદીએ ભાજપના તમામ કાર્યકરોને જરૂરિયાતમંદોની મદદ માટે જતી વેળાએ ફેસ-માસ્ક પહેરવા વિનંતી કરી હતી. તેમણે લોકોને તેમના ચહેરાને કોઈ પણ કપડાં વડે ઢાંકીને પછી તેનું પાંચ-સાત વધુ લોકોમાં વિતરણ કરવા વિનંતી કરી હતી.

**ત્રીજી- કોરોના વોરિયર્સનું સન્માનઃ** શ્રી નરેન્દ્ર મોદીએ કાર્યકર્તાઓને કોવિડ-૧૯ સામે લડી રહેલા લોકો માટે 'આપનો આભાર અભિયાન' શરૂ કરવા હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, તબીબો, નર્સો, સેનિટેશન કામદારો, પોલીસ કર્મીઓ, બેંક કર્મચારીઓ, જે લોકો પોસ્ટ ઓફિસમાં કામ કરે છે, આવશ્યક સેવાઓ પૂરી પાડનારા સહુ કોઈનો ધન્યવાદ માનવો જોઈએ.





**ચોથી- કોવિડ૧૯ સામે લડવાની ટેકનોલોજીઃ** શ્રી નરેન્દ્ર મોદીએ ભાજપ કાર્યકર્તાઓને વિનંતી કરી હતી કે તેઓ વધુને વધુ લોકોને ભારત સરકારની આરોગ્યસેતુ એપથી પરિચિત કરાવે જે સત્તાવાર કોવિડ-૧૯ ટ્રેકર મોબાઈલ એપ્લિકેશન છે. તેમણે દરેક કાર્યકરને એ સુનિશ્ચિત કરવા વિનંતી કરી હતી કે તેઓ ઓછામાં ઓછા ૪૦ લોકોમાં આ એપ ડાઉનલોડ કરાવવાનું સુનિશ્ચિત કરે.

**પાંચમી- રાષ્ટ્ર માટે યોગદાનઃ** શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ભાજપના દરેક કાર્યકરે પીએમ-કેર્સ ફંડમાં પોતાની મેળે યોગદાન આપવું તેમજ ઓછામાં ઓછા ૪૦ લોકોને દાન કરવા પ્રેરિત કરવા, જેની સ્થાપના કોવિડ-૧૯ મહામારી સામે નાગરિકો દ્વારા દાનને લાગુ કરવા કરાઈ છે.

એક સમર્પિત કાર્યકર્તા તરીકે, શ્રી નરેન્દ્ર મોદીએ કરોડો સામાન્ય કાર્યકર્તા માટે એક દૃષ્ટાંત સ્થાપ્યું છે, ખાસકરીને યુવાઓ માટે કે જેમને સમાજની સેવા કરવા માટે આપણી સંસ્કૃતિ, રાષ્ટ્રનું મૂલ્ય સમજાય અને તેની સેવાનો મંત્ર મળે. દરેક જવાબદાર નાગરિક એ કાર્યકર્તા જ છે.

શ્રી નરેન્દ્ર મોદીની કાર્યકર્તા તરીકેની સમર્પિત જાહેર સેવાની આ ૧૯ વર્ષની સફરમાં દરેક ક્ષણે ગરીબોની સેવા, આમ આદમીના સશક્તિકરણ, યુવા વર્ગ સાથે જોડાણ અને આપણા ગર્વાન્વિત રાષ્ટ્રના પરિવર્તનનો જ ભાવ ઉજાગર થયો છે.

# સુધારાવાદી તરીકે



# ૬. સુધારાવાદી તરીકે

સુધારાવાદી બનવા ઈચ્છનારમાં ઉત્કંઠા, રાષ્ટ્રભક્તિ અને વિકાસ તથા પરિવર્તન આણવાની સંપૂર્ણતા હોવી જરૂરી છે.

**ચાલો આપણે જરા ભૂતકાળમાં જઈને ૨૦૧૩ની સ્મૃતિને વાગોળીએ:**

- ભારતની ગણના ''ભ્રષ્ટાચારની રાજધાની'' તરીકે કરાતી હતી
- દેશની ૬ કરોડ ગરીબ મહિલાઓ એલપીજી ગેસ વિના કષ્ટાતી હતી
- ૯ કરોડ ગરીબ લોકો પાસે શૌચાલય સુધી કોઈ પહોંચ નહોતી
- ૩૨ કરોડ ગરીબ લોકો પાસે બેંક સુધી કોઈ પહોંચ નહોતી
- ૧૯ કરોડ ગરીબ લોકોને વીમો લેવો પોષાતો નહોતો (જીવન અને અકસ્માત)
- ૧૮ કરોડ ગરીબ ખેડૂતોને તેમની ખેતીલાયક જમીનની માટીની હેલ્થની ખબર જ નહોતી
- ૧૪ કરોડ ગરીબ ખેડૂતો પાસે પાક વીમો જ નહોતો
- માત્ર ૩૫% ખેડૂતોને જ યુરિયા મળતું હતું
- ૧૮,૬૦૦+ ગ્રામોમાં વીજળી જ નહોતી
- ૧,૭૬,૦૦૦ કિમીની ગ્રામસડકોનું નિર્માણ નહોતું થયું
- ભારત સરકારની સબસિડીના રૂ. ૯૦,૦૦૦ કરોડ કે જે ગરીબો માટે હતા તેની લૂંટ ચાલતી હતી
- ૨૪ લાખ પૂર્વ-સૈનિકો અને ૬ લાખ યુદ્ધ વિધવાઓને વન રેંક વન પેન્શનનો (ઓઆરઓપી) લાભ મળતો નહોતો
- ૨.૪ કરોડ પેન્શનર્સે પેન્શનની રકમ મેળવવા ઓફિસોના ધક્કા ખાવા પડતા હતા
- ૧૫ કરોડ લોકો ક્ષમતા અને કૌશલ્ય હોવા છતાં નાના વેપાર-ધંધા શરૂ કરી શકતા નહોતા
- ૧.૨ કરોડ ગર્ભવતી મહિલાઓને યોગ્ય આરોગ્ય સુવિધા મળતી નહોતી
- આમઆદમીના માથે આરોગ્યના ખર્ચનું ભારણ દર વર્ષે રૂ. ૧૬,૦૦૦ કરોડ જેટલું વધતું જ જતું હતું
- રૂ. ૧૦,૦૦૦ કરોડ જેટલા નાણાંનો દર વર્ષે અલગ રેલવે બજેટને કારણે વ્યય થતો હતો
- સામાન્ય નાગરિક સરકાર સાથે જોડાઈ શકતો નહોતો
- ૩ લાખ બનાવટી કંપનીઓ ઓપરેટ કરતી હતી

માટે, આપણે ૨૦૧૩ની ગતિ સાથે રાષ્ટ્રના વિકાસની વૃદ્ધિની ઝડપ વધી છે તેને માપીએ તો ભારતને ઉપરોક્ત લક્ષ્યાંકો સિદ્ધ કરતા બીજા ૪૦ વર્ષ લાગી ગયા હોત.

એક દાયકા કરતા પણ વધુ સમય (૨૦૧૪-પહેલાં) ભારતના ૧૨૫ કરોડ નાગરિકો સુધી યોગ્ય કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવા બાબતે શૂન્યાવકાશ પ્રવર્તતો હતો અને દેશના નાગરિકો હવે એક એવા સુધારાવાદીની ખેવના કરવા લાગ્યા હતા કે જેના દિલમાં રાષ્ટ્રભક્તિ, નિઃસ્વાર્થ સેવા અને વિકાસનું ઝનૂન હોય જે દરેકને સાથે જોડી શકે. મે ૨૦૧૪માં, ભારતને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સ્વરૂપમાં એક એવા દીર્ઘદૃષ્ટા અને સુધારાવાદી વરદાનરૂપે પ્રાપ્ત થયા કે જેઓ સતત ''સબકા સાથ, સબકા વિકાસ અને સબકા વિશ્વાસ''ના પરિદૃશ્યને સ્થાપિત કરી રહ્યા છે.

# કોવિડ૧૯ મહામારીમાંથી આપણા રાષ્ટ્ર- ભારતનો ઉદય

પૃષ્ઠભૂમિ

કોવિડ૧૯ મહામારીએ આખા વિશ્વની આરોગ્ય સેવા પ્રણાલિની કસોટી કરી છે, આખા વિશ્વના અર્થતંત્ર તેમજ આ મહામારીના ઘાતક પ્રહારથી બચવા અંગે દરેક રાષ્ટ્રના અભિગમને હચમચાવી દીધું છે.

ભારત- વિશ્વની ૨જી સૌથી વિશાળ વસતિ સાથેની સૌથી મોટી લોકશાહી છે અને ૨૮ રાજ્ય તથા ૮ કેન્દ્રશાસિત પ્રદેશો ધરાવે છે. વિવિધતામાં એકતા ધરાવતું આ ગર્વાન્વિત રાષ્ટ્ર અડીખમ ઊભું છે અને આખા વિશ્વને તેણે આવી કટોકટીમાં ઊભરી આવવાની પોતાની તાકાત અને ક્ષમતાનો પરચો આપ્યો છે.

પહેલી વાર એવું બન્યું છે કે વિકસિત રાષ્ટ્રોએ ભારતની ''ઈમરજન્સી ક્રાઈસિસ મેનેજમેન્ટ'' એટલે કે કટોકટીની પળોમાં ટકી રહેવાની નવી વ્યાખ્યાનો અનુભવ કર્યો છે. આપણા રાષ્ટ્રની નીચે ઉલ્લેખિત તાકાત થકી જ આ શક્ય બન્યું:

**સામાજિક મૂલ્યો સાથેની સમૃદ્ધ સંસ્કૃતિ**

**રાષ્ટ્રભક્ત લોકો**

**ઉત્કંઠાપૂર્ણ ''આરોગ્યલક્ષી લડવૈયાઓ''**

**લોક કલ્યાણ કેન્દ્રિત સરકાર**

**એક વિનમ્ર વડાપ્રધાન કે જેઓ ''રાષ્ટ્ર પહેલા''ના મિશન સાથે કામ કરે છે**

આપણે જોયું છે કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં કેન્દ્ર સરકારે દેશ અને લોકોને આ મહામારી સામે રક્ષણ આપવા કેવા વિવિધ પગલાં, પ્રયાસો, પહેલો હાથ ધરવા સાથે સહાયતા પૂરી પાડી છે.

# આરંભિક પગલાં

**માર્ચ ૧૧:** વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને (ડબ્લ્યુએચઓ) સત્તાવાર રીતે કોરોના વાઈરસ રોગને (કોવિડ-૧૯) એક 'મહામારી' ઘોષિત કરી.

પરંતુ ભારત, વિશ્વના એવા દેશોમાંનું એક હતું કે જેણે ૧૧ માર્ચ, ૨૦૨૦ પહેલાં જ તાત્કાલિક પગલાં ભરી દીધાં હતાં.

| જાન્યુ ૩૧, ૨૦૨૦ | ફેબ્રુ ૦૨, ૨૦૨૦ | ફેબ્રુ ૨૭, ૨૦૨૦ | માર્ચ ૧૨, ૨૦૨૦ |
|---|---|---|---|
| ભારતીય સૈન્યે કોરોના વાઈરસના ફેલાવાના આરંભિક કેન્દ્ર વુહાન, ચીનથી પરત ફરેલા ૩૦૦ ભારતીય વિદ્યાર્થીઓના નિરીક્ષણ માટે એક ક્વોરેન્ટીન સેન્ટર સ્થાપિત કર્યું હતું | ભારતે તમામ ચીની મુલાકાતીઓ માટે ઈ-વિઝા સુવિધા બંધ કરી દીધી | ચીને ૨૩ જાન્યુના રોજ વુહાન પ્રોવિન્સમાં લોકડાઉન કર્યું તેના એક મહિના બાદ, ભારતીય વાયુ સેના અને એર ઈન્ડિયાના વિશેષ વિમાન વધુ ભારતીય નાગરિકો અને વિદેશી નાગરિકોને વુહાનથી લઈને આવ્યા અને જાપાનમાં ક્વોરેન્ટીન કરેલા ક્રુઝ શીપમાંથી ભારતીય નાગરિકોને ઉગાર્યા | ભારતીય સંરક્ષણ દળોએ વધુ સાત ક્વોરેન્ટીન સુવિધાઓ સ્થાપિત કરી હતી (જેસલમેર, સુરતગઢ, ઝાંસી, જોખપુર, દેઓલાઈ, કોલકાતા અને ચેન્નઈ) |





| માર્ચ ૧૩, ૨૦૨૦ | માર્ચ ૧૪, ૨૦૨૦ | માર્ચ ૧૪, ૨૦૨૦ | માર્ચ ૧૩-૧૫, ૨૦૨૦ |
|---|---|---|---|
| માસ્ક અને હેન્ડ સેનિટાઈઝર્સને ૩૦ જૂન સુધી આવશ્યક ચીજવસ્તુ તરીકે ઘોષિત કરી જેથી ભાવ નિયંત્રણમાં રહે.<br>અમેરિકા, ચીન, જાપાન અને થાઈલેન્ડ બાદ કોવિડ ૧૯ના સ્ટ્રેઈન્સને આઈસોલેટ કરનારું ભારત વિશ્વનું ૫મું રાષ્ટ્ર બન્યું | ભારત સરકારે એપિડેમિક એક્ટ ઓફ ૧૮૯૭ લાગુ કર્યો કે જેના હેઠળ વિશેષ પગલાં ભરીને મહામારીની અસરને નાબૂદ કરવા માટેના નિયમનો ઘોષિત કરવાની વિશેષ સત્તા હંગામી ધોરણે આપવામાં આવે છે | ગૃહ મંત્રાલયે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ (૨૦૦૫) લાગુ કરીને રાજ્યોના સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડની (એસડીઆરએફ) કોવિડ૧૯ના ફેલાવાને નાબુદ કરવા ફાળવણી કરી | ભારત સરકારે મર્યાદિત કેટેગરી સિવાયના તમામ પ્રવર્તમાન વિઝાની કામગીરી અટકાવી દીધી.<br>ભારતના ૨૧૮ વિદ્યાર્થીને ઈટાલીમાંથી ખસેડીને ઈન્ડો-તિબેટન બોર્ડર પોલીસ (આઈટીબીપી) ખાતે ક્વોરેન્ટીન કર્યા. |

| માર્ચ ૧૭, ૨૦૨૦ | માર્ચ ૨૨, ૨૦૨૦ | માર્ચ ૨૪, ૨૦૨૦ |
|---|---|---|
| ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) ૨૧મી માર્ચ સુધીમાં ૭૨ કોરોનાવાઈરસ ટેસ્ટિંગ લેબ્સને તૈયાર રાખવાની ઘોષણા કરી<br>વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ ભારતના પ્રયાસોને બિરદાવ્યા. | માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘‘જનતા કરફ્યુ’’ની ઘોષણા કરી | નેશનલ લોકડાઉન #૧ શરૂ થયું (૨૧ દિવસ) |


# પગલાં લેવાયાં

**ભારત સરકારે વિશ્વમાં સૌથી કડક લોકડાઉન પગલાં લાગુ કર્યાં**

વિશ્વના ૭૩ દેશના ડેટા આધારિત એક ટ્રેકર, કે જે કોવિડ-૧૯ને સરકારના પ્રત્યુત્તરની ગણતરી કરે છે તેણે ભારતના પ્રત્યુત્તરને વિશ્વમાં સૌથી કડકમાંના એક તરીકે ઓળખી કાઢ્યું. યુનિવર્સિટી ઓફ ઓક્સફર્ડ ખાતે બ્લાવતનિક સ્કૂલ ઓફ ગવર્મેન્ટના સંશોધકો દ્વારા રચાયેલું, 'ઓક્સફર્ડ કોવિડ-૧૯ ગવર્મેન્ટ રિસ્પોન્સ ટ્રેકર'ની ડિઝાઈન વિશ્વભરની સરકારોના પ્રત્યુત્તરોની પદ્ધતિસર નોંધણી માટે તૈયાર કરાઈ છે.

ભારત સરકારે ''સ્વાવલંબી ભારત''ના નિર્માણના મિશન સાથે એક આર્થિક પેકેજ તરીકે રૂ. ૨૦ લાખ કરોડની (જીડીપીના ૧૦ટ) ઘોષણા કરી છે. - કોઈ પણ વિકાસશીલ દેશમાં સૌથી ઊંચુ

એમએસએમઈ, કૃષિ, પરપ્રાંતીય શ્રમિકો, સંરક્ષણ, વ્યાપાર તથા અન્ય સેગમેન્ટને સહાય પૂરી પાડવા પર સૌથી વધુ ધ્યાન




- ૮ કરોડ ગરીબ મહિલાઓને ૩ મહિના માટે ૧ મફત એલપીજી સિલિન્ડર
- ગરીબ મહિલાઓના ૨૦.૩ કરોડ જન ધન બેંક ખાતાઓમાં સીધેસીધા ૩ મહિના માટે દર મહિને રૂ. ૫૦૦ જમા
- હિજરતીઓ માટે મફત ખાદ્યાન્ન- નવે ૨૦૨૦ સુધી પ્રતિ વ્યક્તિ ૫ કિગ્રા ઘઉં અથવા ચોખા, ૧ કિગ્રા દાળ પ્રતિ પરિવાર/માસ
- ૬ મહિના માટે લોન મોરેટોરિયમ
- આવકવેરાના રિટર્નની તારીખ લંબાવીને ૩૦ નવેમ્બર, ૨૦૨૦ કરાઈ
- સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૧ માટે બિન-પગારદાર કરદાતાઓ માટે ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સમાં ૨૫%નો ઘટાડો કર્યો
- નોકરીદાતાઓ અને કર્મચારીઓને વધુ સારી તરલતા મળે તે માટે કર્મચારી પ્રોવિડેન્ટ ફંડના યોગદાનનો દર ૧૨%થી ઘટાડી ૧૦% કર્યો
- તમામ ઈપીએફ એકમોને રૂ. ૨૫૦૦ કરોડની ઈપીએફ સહાય દ્વારા તરલતામાં રાહત. વધુ ૩ મહિના (ઓગસ્ટ સુધી) માટે ઈપીએફ યોગદાનની સરકાર દ્વારા ચૂકવણી કરાશે. તેનાથી ૭૨ લાખ કરતા વધુ કર્મચારીને લાભ થશે
- એમએસએમઈ માટે રૂ. ૩ લાખ કરોડની જામીનમુક્ત લોન- આ પગલાંથી ૪૫ લાખ યુનિટને કામ ફરી શરૂ કરવા અને નોકરીઓ બચાવવામાં મદદ મળશે

- એમએસએમઈની નવી વ્યાખ્યા

  (સૂક્ષ્મ - રૂ. ૧ કરોડ સુધીનું રોકાણ, રૂ. ૫ કરોડ સુધીનું ટર્નઓવર. લઘુ- રૂ. ૧૦ કરોડ સુધીનું રોકાણ, રૂ. ૫૦ કરોડ સુધીનું ટર્નઓવર. મધ્યમ - રૂ. ૨૦ કરોડ સુધીનું રોકાણ)

- સરકારી કોન્ટ્રાક્ટ્સ માટે રૂ. ૨૦૦ કરોડ સુધીના વૈશ્વિક ટેન્ડર્સને મંજૂરી નહીં - જેથી સ્થાનિક વ્યાપારબ્રાન્ડ્સને પ્રોત્સાહન મળે

- મુદ્રા શિશુ લોન

  જેમણે રૂ. ૫૦,૦૦૦ સુધીની લોન લીધી છે, તેમને આરબીઆઈ દ્વારા વિસ્તારેલા મોરેટોરિયમ પિરિયડ પૂર્ણ થયા બાદ વધુ ૧૨ મહિના માટે ૨%ની વ્યાજમાં સરકારી મદદ. ત્રણ કરોડ લોકોને રૂ. ૧૫૦૦ કરોડનો લાભ મળશે.

- શેરી ફેરિયા- તમામ શેરી ફેરિયા માટે વિશેષ યોજના જેમાં રૂ. ૫,૦૦૦ કરોડની લોન સુવિધા મળશે. રૂ. ૧૦,૦૦૦ની કાર્યકારી મૂડી અપાશે.

- વીજ વિતરણ કંપનીઓને રાજ્ય-માલિકીના પાવર ફાઈનાન્સ કોર્પોરેશન અને રૂરલ ઈલેટ્રિફિકેશન કોર્પોરેશન પાસેથી પ્રાપ્ત રકમની સામે રૂ. ૯૦,૦૦૦ કરોડની તરલતા મળશે. આનાથી આ ડિસ્કોમ્સ વીજ ઉત્પાદકોને તેમના દેવા ચૂકવી શકશે.

- નાના/સીમાંત ખેડૂતો માટે- નાના અને સીમાંત ખેડૂતો માટે રવિ અને ખરિફ સંબંધિત લણણી-પછીની પ્રવૃત્તિઓ માટે નાબાર્ડના માધ્યમે રૂ. ૩૦,૦૦૦ કરોડના વધારાના મૂડી આપાતકાલીન ભંડોળની ફાળવણી કરશે.

  પીએમ કિસાન ક્રેડિટ કાર્ડ હેઠળ, રૂ. ૨ લાખ કરોડની કન્સેશનયુક્ત ક્રેડિટ ખેડૂતોને પૂરી પાડીને કૃષિ પ્રવૃત્તિઓને વેગવાન બનાવી ૨.૫ કરોડ ખેડૂતોને લાભ અપાશે. પશુ સંવર્ધન અને મત્સ્યોદ્યોગમાં હશે તે પણ આમાં સામેલ

  સરકારે પીએમ કિસાન સ્કીમ હેઠળ ગરીબ ખેડૂતોને રૂ. ૧૭,૯૮૬ કરોડ ટ્રાન્સફર કર્યા

  ખેડૂત સમુદાયને ફર્ટિલાઈઝર્સ- ગત વર્ષની તુલનામાં એપ્રિલ-જૂન દરમિયાન ૧૧૧.૬૧ એમટી (૮૨.૮% વધુ) ફર્ટિલાઈઝર ખેડૂતોને અપાયું

- આદિવાસીઓ માટે- રૂ. ૬,૦૦૦ કરોડના મૂલ્યની દરખાસ્તો કામ્પા ફંડ્સ હેઠળ આવી છે. આદિવાસી લોકોને વન સંચાલન, વન્યજીવ રક્ષણ/સંચાલન તથા અન્ય વન સંબંધિત પ્રવૃત્તિઓમાં રોજગાર મળશે.

- શિક્ષણઃ પીએમ ઈવિદ્યાપ્રોગ્રામ તાત્કાલિક લોંચ કરાશે. ૧થી ૧૨ ધોરણના દરેક વર્ગખંડમાં એક ટીવી ચેનલ હશે. જોવા અને સાંભળવામાં દિવ્યાંગો માટે સ્પેશિયલ ઈ-કન્ટેન્ટ હશે. ટોચની ૧૦૦ યુનિવર્સિટીને ૩૦ મે, ૨૦૨૦ સુધીમાં ઓનલાઈન કોર્સ શરૂ કરવા મંજૂરી અપાશે.

- રાજ્યોને વધારાના સંસાધનોઃ કેન્દ્ર દ્વારા એફવાય૨૧ માટે રાજ્યોની ઋણમર્યાદા ૩%થી વધારીને ૫% કરાઈ છે. આનાથી રાજ્યોને રૂ. ૪.૨૮ લાખ કરોડના વધારાના સંસાધનો પ્રાપ્ત થશે. રાજ્યોને અધિકૃતતા છે તેના માત્ર ૧૪% જ તેમણે ઋણ લીધું છે તેમછતાં આ લાગુ કરાયું છે. ૮૬% હજી વણવપરાયેલું છે. આ વધારાની ઋણમર્યાદા સુધારા લાગુ કરવા માટે લિંક કરાઈ છે.

# પોતાના પ્રકારની પ્રથમ પહેલો

**ટેકનોલોજીનો ઉપયોગ**




**એપ્રિલ ૨ઃ** સરકારે વધુ સચોટ અને અસરકારક રીતે કોવિડ-૧૯ ચેપને ટ્રેક કરવામાં લોકોને મદદ મળે તે માટે નવી એપ લોંચ કરી છે. ૮-જુલાઈ ૨૦૨૦ના રોજ, **ભારતના ૧૫.૫૨** કરોડથી વધુ નાગરિકો આ આરોગ્ય સેતુ એપનો ઉપયોગ કરી રહ્યા છે.

## તબીબી સહાય




ભારતે યુએસ સહિતના ૫૫ કોરોનાવાઈરસ-ગ્રસ્ત દેશોમાં એન્ટિ-મલેરિયલ દવા હાઈડ્રોક્લોરોક્વિન સપ્લાય કરી છે.

પાડોશમાં ભારતે આ દવા અફઘાનિસ્તાન, ભૂતાન, બાંગ્લાદેશ, નેપાળ, માલ્દિવ્સ, મોરિશિયસ, શ્રીલંકા અને મ્યાંમારમાં મોકલી છે.

ભારતે આ દવા ફિલિપાઈન્સ, રશિયા, સ્લોવેનિયા, સાઉથ આફ્રિકા, શ્રીલંકા, તાન્ઝાનિયા, યુનાઈટેડ આરબ અમીરાત, ઉઝબેકિસ્તાન, ઉરુગ્વે, કોલમ્બિયા, અલ્જિરિયા, બહામાસ, મોરેશિયસ અને યુનાઈટેડ કિંગ્ડમમાં પણ સપ્લાય કરી છે.

**ભારતના નાગરિકોને સ્વદેશ પરત લાવવા**



**વંદે ભારત મિશન-** વિશ્વના ૩૦થી વધુ દેશોમાંથી ૧૦ **લાખ ભારતીય નાગરિકોને** પરત લાવવા વિશ્વનું સૌથી મોટું ઈવેક્યુએશન મિશન. આ મિશન હેઠળ ૧૭,૦૦૦ કરતા વધુ લોકોને દેશ બહારથી લાવવામાં આવ્યા છે.

# હિજરતીઓને તેમના વતન મોકલવામાં મદદ



શ્રમિક સ્પેશિયલ ટ્રેન દ્વારા હિજરતી શ્રમિકોને તેમના ઘેર પરત ફરવામાં મદદ- દેશની અંદર પોતાના જ નાગરિકો માટેનું વિશ્વનું સૌથી મોટું હિજરતી મિશન

**તબક્કો I - ૩૫ લાખ હિજરતી કામદારો ઘેર પરત ફર્યા**

**તબક્કો II- ૨૬૦૦ સ્પેશિયલ ટ્રેન દોડાવી ૩૬ લાખ હિજરતીઓ માટે**

**કોવિડ૧૯ કેર સેન્ટર તરીકે રેલવેના કોચ**



દુનિયામાં પોતાના જેવું પ્રથમ, ભારતીય રેલવેએ કોચિસને કોવિડ૧૯ કેર સેન્ટરમાં તબદિલ કર્યા.

**૫૨૩૧ રેલવે કોચિસ દ્વારા ૨૩ રાજ્યોને સહાય.**






# ભારત ઉત્પાદન કરે છે પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટનું (પીપીઈ)



**શૂન્યથી ૨ લાખ પીપીઈ કીટ્સ પ્રતિ દિન, ભારતે વિશ્વમાં પીપીઈ ઉત્પાદનમાં વિક્રમ સ્થાપ્યો.**

**ભારતનો કોવિડ૧૯ કેસ મૃત્યુદર (સીએફઆર) વિશ્વમાં સૌથી નીચામાંનો એક.**



## રાજ્ય સરકારોને મદદ:

**તમામ રાજ્યોમાં મફત વિતરણ**



**૨.૦૨ કરોડ એન૯૫ માસ્ક**



**૧.૧૮ કરોડ પીપીઈ**



**૧૧,૩૦૦ વેન્ટિલેટર્સ**




**૬.૧૨ કરોડ એચસીક્યૂ ટેબ્લેટ્સ**

**કરદાતાઓને સહાય:**

આવકવેરા વિભાગે એપ્રિલ ૨૦૨૦થી અત્યારસુધીમાં ૨૦ **લાખ કરદાતાઓના લાભાર્થે રૂ.** ૬૨,૩૨૧ કરોડથી વધુ રિફંડ કર્યા





# પરિવર્તનકારી સુધારા

| લોક સશક્તિકરણ | યોજનાઓ |
|---|---|
| **મહિલા સશક્તિકરણ યોજનાઓ** | • ગર્ભવતી મહિલાઓ માટે મફત ચેકઅપ<br>• ગર્ભવતી મહિલાના આરોગ્યની કાળજી<br>• સ્વચ્છ ભારત<br>• મુદ્રા<br>• ઉજ્જવલા<br>• તમામ માટે નિવાસ<br>• સ્ટેન્ડઅપ ઈન્ડિયા<br>• તમામ માટે નળનું પાણી |
| **ખેડૂતોનું સશક્તિકરણ** | • પાક વીમો<br>• સોઈલ હેલ્થ કાર્ડ<br>• ઓનલાઈન એગ્રિ માર્કેટિંગ (ઈ-નામ)<br>• ખેડૂત સિંચાઈ<br>• એમએસપી ઉંચાઈ<br>• વાદળી ક્રાંતિ<br>• ખેડૂત કૃષિ સહાય<br>• કૃષિ સ્ટાર્ટઅપ<br>• પેન્શન યોજના |
| **યુવા સશક્તિકરણ** | • સ્કીલ ઈન્ડિયા<br>• સ્ટાર્ટઅપ ઈન્ડિયા<br>• અટલ ઈનોવેશન મિશન<br>• ખેલો ઈન્ડિયા<br>• નેશનલ એજ્યુકેશન પોલિસી<br>• આઈડેક્સ (ડિફેન્સ સ્ટાર્ટઅપ) |
| **હેલ્થકેર** | • આયુષમાન ભારત (આરોગ્ય વીમો)<br>• સુરક્ષા વીમા અને જીવન જ્યોતિ વીમા (જીવન અને અકસ્માત વીમો)<br>• મફત ડાયાલિસિસ<br>• હૃદયના સ્ટેન્ટ અને ઘૂંટણની શસ્ત્રક્રિયા<br>• વાજબી દરે ઔષધિ કેન્દ્રો (જનઔષધિ) |





| રાષ્ટ્ર વિકાસ | યોજનાઓ |
|---|---|
| **જીએસટી** | • ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ એ ''વન નેશન વન ટેક્સ'' પ્રણાલિ છે, જેના થકી સામાન્ય લોકો (ગ્રાહકો) પરનું વધારાનું કર ભારણ હળવું થાય છે અને અસરકારક કર વસૂલાત, ભ્રષ્ટાચારમાં ઘટાડો થાય છે અને આંતર-રાજ્ય માલની હેરફેર સરળ બને છે. |
| **નોટબંધી** | • ભ્રષ્ટાચાર અને કાળા નાણાં પર સંપૂર્ણ પૂર્ણવિરામ<br>• ૩ લાખ બોગસ કંપનીઓ દૂર થઈ<br>• આમઆદમીને સસ્તી લોનો મળતી થઈ<br>• ત્રાસવાદ અને નક્સલવાદને મોટો ફટકો<br>• વધેલું કર અનુસરણ (૬.૮૬ કરોડ આઈટી રિટર્ન્સ ૨૦૧૪માં ૩.૮ કરોડની તુલનામાં) |
| **ડિજિટલ ભારત** | • ગરીબ અને આમઆદમી સરકારી સેવાઓ અને લાભો સીધે સીધા મેળવી શકે છે<br>• યુએન ઈ-ગવર્નન્સ ઈન્ડેક્સમાં ભારતનો ૯૬મો રેન્ક, ૨૦૧૨થી આ યાદીમાં ૨૮ રેન્કની ઉન્નતિ (૨૦૧૨માં ૧૨૪મા ક્રમે)<br>• આધાર- ડિજિટલ ઓળખ અને ગોટાળા સંચાલનને ૧૨૧ કરોડ લોકો માટે આવરી લેવાયું (૬૧ કરોડ ૨૦૧૩માં)<br>• ૨.૪ કરોડ સિનિયર સિટિઝન (જાન્યુ ૨૦૧૯) પેન્શનર્સને ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ દ્વારા લાભ મળ્યો, આમ પેન્શનની રકમ લેવા તેમના રૂબરૂ ધક્કામાંથી મુક્તિ |
| **ગ્રામિણ વિકાસ** | • ૧૦૦ દિવસના ગેરન્ટીડ રોજગારનો ૧૧ કરોડથી વધુ ગ્રામીણ લોકોને લાભ<br>• ૯૧ લાખ કરતા વધુ ઘરોને ''તમામ માટે ગ્રામિણ ઘર યોજના'' હેઠળ મંજૂરી<br>• ગ્રામિણ વિસ્તારના ૫.૫૪ લાખ લોકોને ગ્રામિણ કૌશલ્ય વિકાસ હેઠળ તાલીમ<br>• ગ્રામિણ વિસ્તારોમાં ૧.૯૩ લાખ કિ.મી. સડક નિર્માણ કાર્ય પૂર્ણ (૨૦૧૪માં ૬૯ કિમી/દિવસની તુલનામાં ૧૩૪ કિમી/દિવસ)<br>• ૧૮,૬૦૦ ગામોનું વિદ્યુતીકરણ |
| **નદી માર્ગો અને જળમાર્ગો (સાગરમાળા)** | • રૂ. ૮ લાખ કરોડથી વધુના રોકાણ સાથે ૫૦૦ પ્રોજેક્ટ<br>• ૪ વર્ષમાં નવા ૧૦૬ જળમાર્ગો જે અગાઉ ૩૦ વર્ષમાં ૫ જળમાર્ગ બન્યા હતા<br>• આ પ્રોજેક્ટ હેઠળ ૧ કરોડ રોજગારનું સર્જન<br>• કોસ્ટલ કોમ્યુનિટી ડેવલપમેન્ટ- ગરીબ માછીમારો માટે ૧૧ માછીમારી હાર્બર પ્રોજેક્ટ (રૂ. ૯૨૨ કરોડ) અને ૨૧ કોસ્ટલ જિલ્લા કૌશલ્યવર્ધન માટે (અત્યારસુધીમાં ૩૦૦૦ લોકોને લાભ) |
| **સ્માર્ટ સિટી પ્રોજેક્ટ** | • ભારતના ૧૦૦ શહેરોની પરિવર્તન માટે ઓળખ કરાઈ જેના માટે રૂ. ૨,૦૩,૧૭૨ કરોડનો પ્રોજેક્ટ ખર્ચ અને તેનો લગભગ ૧૦ કરોડ લોકોને લાભ મળશે |

| યોજનાઓ | મોદી સરકારે બચાવેલા નાણાં |
|---|---|
| ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર | ૩૮૫ યોજનાઓ અને રૂ. ૧,૭૦,૩૭૭ કરોડની બચત |
| ઈન્સોલ્વન્સી બેંકરપ્સી કોડ (આઈબીસી) | ૧,૧૦,૦૦૦ કરોડ અને ૧૬૦ કંપનીને અકાળે મૃત્યુથી બચાવાઈ |
| નકલી /ડુપ્લિકેટ રાશનકાર્ડની નાબૂદી | રૂ. ૧૭,૦૦૦ કરોડ (વાર્ષિક) |
| આરોગ્યને લગતા ખર્ચમાં ઘટાડો | રૂ. ૧૬,૦૦૦ કરોડ (વાર્ષિક) |
| એલઈડી બલ્બ | રૂ. ૫૦,૦૦૦ કરોડ |
| બેનામી પ્રોપર્ટી કાયદો | રૂ. ૫,૦૦૦ કરોડ |

## મુખ્યઅંશો (મોદી ૨.૦) ૧ વર્ષમાં

- કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો
- જાહેર ક્ષેત્રની બેંકોનું વિલિનીકરણ
- અનુચ્છેદ ૩૭૦ અને ૩૫એની નાબુદી
- મુસ્લિમ મહિલાના સશક્તિકરણ માટે કાયદા તરીકે ત્રિપલ તલાક
- નાગરિકતા સુધારા કાયદો
- અયોધ્યા-રામ જન્મભૂમિ અંગે સર્વોચ્ચ અદાલત દ્વારા ઐતિહાસિક ચુકાદો
- સંરક્ષણ ઉત્પાદનમાં એફડીઆઈ ૪૯% થી વધીને ૭૪%
- ૧૦૧ સંરક્ષણ ચીજોની આયાત પર પ્રતિબંધ
- ખાનગી ક્ષેત્રને પણ ઈસરોની સુવિધાઓ તથા અન્ય સંલગ્ન અસ્ક્યામતોનો ઉપયોગ કરીને તેમની ક્ષમતાઓ સુધારવા અનુમતિ
- સશસ્ત્ર દળો માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) પોસ્ટ

# ભારતના
# આંતરરાષ્ટ્રીય નેતા







# ૭. ભારતના આંતરરાષ્ટ્રીય નેતા

**ભારત માતા-** એક ગર્વાન્વિત રાષ્ટ્ર કે જેની પાસે સૌથી જૂની સંસ્કૃતિ છે જેણે ઘણા મહાન ધર્મ, સંપ્રદાયો, સમૃદ્ધ સંસ્કૃતિ અને દેશભક્ત નેતાઓને જન્મ આપ્યો છે. મે ૨૦૧૪ પહેલાં, ભારતની વિશ્વ સ્તરની છબિ પર ભ્રષ્ટાચાર, સબળ નેતૃત્વના અભાવ, નબળા રોકાણ, મંદગતિએ વિકાસ, રાષ્ટ્ર માટે દીર્ઘદૃષ્ટિના અભાવ, ઘરેલુ વૃદ્ધિ માટે નક્કર વ્યૂહના અભાવ તેમજ પાડોશી રાષ્ટ્રો અને વિકસિત દેશો સાથે નાજુક સંબંધો જેવા ઘણા બટ્ટા લાગેલા હતા.

યુએસએ, ચીન, જાપાન, જર્મની, ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત અને એશિયામાં એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી આવવા ભારતને એક વાઈબ્રન્ટ આર્થિક પરિસ્થિતિ, રોકાણાભિમુખ વાતાવરણ, મજબૂત સંબંધો, વિશ્વાસ સંપાદન, મોટા વિકસિત અને પાડોશી રાષ્ટ્રો સાથે સંબંધોમાં સુધારાની જરૂર હતી- જે બાબતોનો નિવેડો સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે લાવવો તાકીદે જરૂરી હતો.

**શ્રી નરેન્દ્ર મોદી-** આપણા માનનીય લોકોના વડાપ્રધાન કે જેમની નસેનસમાં વહેતા લોહીમાં રાષ્ટ્રભક્તિ અને હૃદયમાં રાષ્ટ્રનો વિકાસ બિરાજમાન છે તેવા મહાન નેતા છે. તેમનું એકમાત્ર સ્વપ્ન **''ભારતનો વિકાસ''** અને વિશ્વના નકશા પર ભારતને એક વિકસિત રાષ્ટ્ર તરીકે ઉન્નત કરવાનું છે. આજે ભારતની ૬૫% વસતિ ૩૫ વર્ષથી ઓછી વયની છે. આ કારણે શ્રી નરેન્દ્ર મોદીજીએ મોટા વિકસિત અને વિકાસશીલ દેશોની **''વિકાસ યાત્રા''** હાથ ધરી જેથી ભારતીય યુવાનોના સ્વપ્નો- વિકાસ, રોજગાર, સશક્તિકરણ અને સ્વ-રોજગારને સાકાર કરી શકાય.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની આગેવાનીમાં લોક કલ્યાણ હેઠળ સુશાસન પર ધ્યાન કેન્દ્રિત કરીને ભારત માતાના ગર્વની પ્રસ્થાપના કરાઈ, વિદેશમાં વસતા દરેક ભારતીયના દિલોમાં ગર્વ અને મૂલ્યનું સિંચન અને અહેસાસ થયો. ભારતીય લોકોના યોગદાન, આપણા મહાન લોકોના વડાપ્રધાનના વડપણ હેઠળ થયેલા ભારતના વિકાસ અને ભારતની દીર્ઘદૃષ્ટિનો દરેક દેશે આદર કર્યો. વિશ્વની આર્થિક સ્થિતિ સૌથી નબળી હોવા છતાં ભારતનો આર્થિક દરજ્જો ઊંચેરુ સ્થાન ધરાવે છે. ''ભ્રષ્ટાચાર'' તો શબ્દ જ નાબૂદ થઈ ગયો છે. ચીન અને અમેરિકાને પછાડીને ભારત આજે ''વિદેશી પ્રત્યક્ષ રોકાણ સ્થળ''ની યાદીમાં **નં. ૧ બની ચૂક્યું છે.** ઘરેલુ ઉત્પાદન અને મેન્યુફેક્ચરિંગને મેક ઈન ઈન્ડિયા, સ્ટાર્ટઅપ ઈન્ડિયા, મુદ્રા વગેરે દ્વારા વેગ મળ્યો છે.

શ્રી નરેન્દ્ર મોદીજીના દરેક પ્રયાસને તમામ માનનીય કેન્દ્રીય મંત્રીઓ, રાજ્ય સરકારો અને આમઆદમીનું સમર્થન મળ્યું છે. તેઓ સહુ મળીને **''ભારતના વિકાસ''**ના એકમાત્ર મિશન સાથે સમર્પણભાવથી કાર્યરત આ દેશના સહાયક સ્તંભો છે.

આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ભારતમાતાના પનોતાપુત્ર તરીકે વિશ્વના ૫૯ દેશોની મુલાકાત લઈ ચૂક્યા છે જેમણે સુનિશ્ચિત કર્યું છે કે, દરેક દેશ ભારતના વિકાસ અને વૃદ્ધિની ગાથાને સાંભળે, તેનો આદર કરે તેમજ આ માટે સહભાગી બનીને યોગદાન આપે.





**વિદેશ નીતિ વિભાગઃ**

- તાકિદના પાડોશીઓ સાથે સંબંધો સુધારવા
- દરેક રાજ્ય અને શહેર પાસે વિદેશો, વિદેશમાંના રાજ્યો, અથવા શહેરો સાથે વિશેષ સંબંધો સ્થાપિત કરવાની સ્વતંત્રતા રહેશે.
- દ્વિપક્ષીય વ્યાપાર સંબંધોમાં મહત્ત્વના રહેશે
- એક્ટ ઈસ્ટ, ઈસ્ટ એશિયા, સાઉથ એશિયા, વેસ્ટ એશિયા, નેઈબરહૂડ ફર્સ્ટ, ઈન્ડિયન ઓસન આઉટરીચ (પોલિસી)
- ઉત્તર અને દક્ષિણ અમેરિકા, યુરોપ, યુરેશિયા અને આફ્રિકા

**મોટી સફળતાઓ:**

પ્રથમવાર નરેન્દ્ર મોદી સરકારની સક્રિય પહેલો અને મજબૂત સંબંધોને કારણે, ઘણી સફળતાઓ હાંસલ કરાઈ.

- પીએમ મોદીએ ૫૯ વિકસિત અને વિકાસશીલ રાષ્ટ્રોની મુલાકાત લઈને આપણા રાષ્ટ્રના વિકાસ અને પ્રગતિ માટે વિશ્વભરમાંથી ઐતિહાસિક મજબૂત સહકાર પ્રાપ્ત કર્યો
- ભારત વિશ્વનું ૫મું સૌથી મોટું અર્થતંત્ર (૨૦૧૯) બન્યું
- પ્રથમવાર વડાપ્રધાન મોદી દ્વારા પ્રસ્તાવિત આંતરરાષ્ટ્રીય સોલાર એલાયન્સની રચના કરાઈ જેમાં ૧૨૧ દેશો સભ્ય તરીકે જોડાયા. તેનું વડુંમથક ભારતમાં છે જે વૈકલ્પિક ઈંધણ તરીકે સૌર ઊર્જાનો લાભ લેવા કાર્યરત છે.
- ભારત મિસાઈલ ટેકનોલોજી કંટ્રોલ રિજિમમાં (એમટીસીઆર) જોડાયું અને મહત્ત્વપૂર્ણ મિસાઈલ ટેકનોલોજી સુધી પહોંચ પ્રાપ્ત કરી
- અમેરિકન સૈન્યે પહેલીવાર પેસિફિક કમાન્ડનું નામ બદલીને ઈન્ડો-પેસિફિક કમાન્ડ કર્યું જેથી એશિયામાં ભારતના વધતા પ્રભાવને માન્યતા આપી શકાય
- વૈશ્વિક ઈનોવેશન ઈન્ડેક્સમાં (૨૦૧૫માં ૮૧મા સ્થાનેથી ૨૦૨૦માં ૪૮મા સ્થાને) ભારતની નોંધપાત્ર પ્રગતિ
- ઈઝરાયેલ, ફાર ઈસ્ટ રશિયા, પેલેસ્ટાઈન, મંગોલિયાની મુલાકાત લેનારા સર્વપ્રથમ વડાપ્રધાન
- ભારત સરકારની મદદની જરૂર હોય તેવા વિદેશમાં ફસાયેલા ૨,૦૩,૦૦૦ ભારતીયોના જીવ બચાવ્યા

- વિદેશમાં અટવાયેલા ૧૦ લાખ કરતા વધુ ભારતીયો વંદે ભારત મિશન (કોવિડ૧૯) થકી ઘરે પરત ફર્યા
- ઇતિહાસમાં પ્રથમવાર, ભારતીય સરકારે ૧૮૬ દેશો સાથે મજબૂત મંત્રાલય સ્તરના સંબંધો સ્થાપિત કર્યા
- દરેક ભારતીયના આદર અને ગર્વની પ્રસ્થાપના
- પીએમના મજબૂત વિદેશ સહકારના પરિણામે જ પહેલીવાર ફોરેક્સ રિઝર્વ ૪૫૧ અબજ યુએસ ડોલરની સર્વોચ્ચ સપાટીએ
- વિકસિત રાષ્ટ્રો સાથે ભાગીદારી કરીને ૪૦ કરોડ ભારતીયોને તાલીમ પૂરી પાડી
- શહેરી નગરોના પરિવર્તન માટે વિકસિત રાષ્ટ્રો સાથે ભાગીદારી
- જાફનાની મુલાકાત લેનારા પ્રથમ વડાપ્રધાન અને ૫૦,૦૦૦ નવા ઘરોનું યુદ્ધને કારણે વિસ્થાપિત થયેલા શ્રીલંકન તમિળો માટે નિર્માણ





**મોટું સન્માન:**

ઇતિહાસમાં પહેલીવાર કોઈ ભારતીય વડાપ્રધાનોનું ઘણા રાષ્ટ્રો ખાસકરીને મુસ્લિમ રાષ્ટ્રો દ્વારા તેમની વિકાસની પહેલો માટે સન્માન કરાયું છે.

| એવોર્ડ | વિગતો |
|---|---|
| **કિંગ હમાદ ઓર્ડર ઓફ રેનિસેન્સ** | ભારત અને બેહરિન સામ્રાજ્ય વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા |
| **ઓર્ડર ઓફ ઝાયેદ** | ઝાયેદ મેડલ યુએઈ દ્વારા કોઈ રાજા, પ્રમુખ અને રાષ્ટ્રવડાને અપાતું સર્વોચ્ચ સન્માન છે |
| **ઓર્ડર ઓફ સેંટ એન્ડ્રયુ ધ એપોસ્ટલ** | ઓર્ડર ઓફ સેંટ એન્ડ્રયુ ધ એપોસ્ટલ એ રશિયાનું સર્વોચ્ચ અને સૌથી જૂનું એમ બંને પ્રકારનું રાષ્ટ્રીય સન્માન છે. |
| **ફિલિપ કોટલર પ્રેસિડેન્શિયલ એવોર્ડ** | રાષ્ટ્ર માટે અતુલ્ય નેતૃત્વ બદલ એવોર્ડ અપાયો. |
| **સિઓલ પીસ પ્રાઈઝ ૨૦૧૮** | ભારતીય અને વૈશ્વિક અર્થતંત્રોની વૃદ્ધિમાં મોદીના યોગદાનના સન્માન, ગરીબો અને ધનિકો વચ્ચેની સામાજિક અને આર્થિક અસમાનતાને દૂર કરવા 'મોદીનોમિક્સ'ને શિરપાવ. |
| **યુએન ચેમ્પિયન્સ ઓફ ધ અર્થ એવોર્ડ ૨૦૧૮** | પર્યાવરણ અંગે કામગીરીમાં સહકારના સર્વોચ્ચ સ્તરના નવા ક્ષેત્રોને ઉત્તેજન આપવામાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ સંયુક્ત રાષ્ટ્રોનું સર્વોચ્ચ પર્યાવરણ ક્ષેત્રનું સન્માન. |
| **ગ્રાન્ડ કોલર ઓફ ધ સ્ટેટ ઓફ પેલેસ્ટાઈન** | ગ્રાન્ડ કોલર એ પેલેસ્ટાઈન દ્વારા કોઈ વિદેશી મહાનુભાવને સહકાર માટે તેમના સર્વોચ્ચ યોગદાન બદલ અપાતું સર્વોચ્ચ સન્માન છે. |
| **અમીર અબ્દુલ્લા ખાન એવોર્ડ** | અફઘાનિસ્તાનનું સર્વોચ્ચ નાગરિકી સન્માન |
| **કિંગ અબ્દુલઅઝીઝ સાશ એવોર્ડ** | સાઉદી અરેબિયાનું સર્વોચ્ચ નાગરિકી સન્માન 'કિંગ અબ્દુલઅઝીઝ સાશ' એવોર્ડ સાઉદી અરેબિયાની રોયલ કોર્ટ ખાતે કિંગ સલમાન બિન અબ્દુલઅઝીઝ દ્વારા એનાયત કરાયો. |
| **ધ ડિસ્ટિંગ્વિશ્ડ રૂલ ઓફ નિશાન ઈઝુદ્દીન** | માલ્દીવ્ઝનું સર્વોચ્ચ સન્માન આંતરરાષ્ટ્રીય સહકાર બદલ અપાયું |
| **ગ્લોબલ ગોલકિપર એવોર્ડ** | બિલ ગેટ્સ એન્ડ મેલિન્ડા ફાઉન્ડેશન દ્વારા સ્વચ્છ ભારત અભિયાન બદલ એવોર્ડ અપાયો |
| **ટાઈમ પર્સન ઓફ ધ યર ૨૦૧૬** | ટાઈમના વાચકોના પોલમાં પોતાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો બદલ સર્વોચ્ચ % વોટ્સ મળ્યા |
| **૧૦૦ મોસ્ટ ઈન્ફ્લુએન્શલ પીપલ ઈન ધ વર્લ્ડ** | પીએમ મોદીને ટાઈમ મેગેઝિન તરફથી ૨૦૧૪, ૨૦૧૫ અને ૨૦૧૭માં એનાયત |

| | |
|---|---|
| **વર્લ્ડ્સ ગ્રેટેસ્ટ લીડર્સ** | પીએમ મોદીને ફોર્ચ્યુન મેગેઝિને (૨૦૧૫) ૫મો રેન્ક આપ્યો |
| **૩ર્ડ ટોપ લીડર ઓફ વર્લ્ડ** | ગેલપ ઈન્ટરનેશનલ એસોસિયેશને (જીઆઈએ) ૨૦૧૭માં એક પોલ કરીને રેન્ક આપ્યો હતો |
| **પીએમ મોદીનો ફોર્બ્સ વર્લ્ડ્સ મોસ્ટ પાવરફુલ પીપલ્સ લિસ્ટમાં (૨૦૧૫, ૨૦૧૬ અને ૨૦૧૮) ૯મો ક્રમ** | નોંધપાત્ર સહકાર અને વિકાસ બદલ આંતરરાષ્ટ્રીય મોરચે પીએમ મોદી નોંધપાત્ર વ્યક્તિ તરીકે ઊભરી આવ્યા |





**મુખ્યઅંશો:**

| યુએન બોડી | વિગતો |
|---|---|
| **યુએન લો બોર્ડ (આંતરરાષ્ટ્રીય સમુદ્રી તકરારો)** | નિરુ ચઢ્ઢા- યુએન લોમાં ચૂંટાયેલા પ્રથમ યુએન મહિલા |
| **એનજીઓ કમિટી** | યુએનની એનજીઓ કમિટિને સૌથી વગદાર ગણવામાં આવે છે કારણ કે તે યુએન ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલમાં કન્સલ્ટેટિવ દરજ્જા માટે અરજી કરનારી એનજીઓની ચકાસણી કરે છે અને તેમના માટે ભલામણ કે બ્લોક કરી શકે છે. |
| **એક્ઝિક્યુટિવ બોર્ડ્સ**<br>**એક્ઝિક્યુટિવ બોર્ડ્સ** | યુએન ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી), યુએન પોપ્યુલેશન ફંડ (યુએનએફપીએ) અને યુએન ઓફિસ ફોર પ્રોજેક્ટ સર્વિસીઝ (યુએનઓપીએસ)ના એક્ઝિક્યુટિવ બોર્ડ્સમાં ભારત ચૂંટણી જીત્યું. |
| **કમિશન્સ**<br>**યુએન કમિશન ઓન પોપ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ**<br>**કમિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટ**<br>**કમિશન ઓન ક્રાઈમ પ્રિવેન્શન એન્ડ ક્રિમિનલ જસ્ટિસ** | ભારતની યુએન કમિશન ઓન પોપ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ, યુએન કમિશન ફોર સોશિયલ ડેવલપમેન્ટ માટે ચૂંટણી થઈ |
| **ધ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ** | આર્થિક, સામાજિક અને પર્યાવરણીય મુદ્દાઓ અંગે ભલામણો અને સંકલન, નીતિ સમીક્ષા, નીતિ મંત્રણા માટેની સર્વોચ્ચ સંસ્થા |
| **યુએન સિક્યુરિટી કાઉન્સિલ** | ભારતે ૧૯૨માંથી ૧૮૪ વોટ મેળવ્યા. સુરક્ષા અને સ્થિરતા લાવવા માટેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા |
| **યુએન હ્યુમન રાઈટ્સ કમિશન** | ભારતે ૧૯૩માંથી સર્વોચ્ચ ૧૮૮ મત મેળવ્યા. એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા |
| **વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન** | ડૉ. હર્ષવર્ધનની ડબ્લ્યુએચઓના એક્ઝિક્યુટિવ બોર્ડ ચેરમેન તરીકે વરણી |

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી- સતત વચનબદ્ધતા અને દ્રઢનિર્ધાર ધરાવનારી વ્યક્તિ છે જેમણે આપણા દેશ અને લોકોને આવા અદભુત આંતરરાષ્ટ્રીય સંબંધો, સહકાર અને ગર્વની લાગણી અપાવી છે.**

# ઉપસંહાર

**સાફ દિલમાં સારા વિચારો જન્મે છે**

**સાચા વિચારો સારી સેવાઓના જનક છે**

**સારી સેવા થકી જ સુશાસન પ્રસ્થાપિત થાય છે**

**સુશાસન થકી જ આખા રાષ્ટ્રમાં પરિવર્તન આણી શકાય છે**

સાફ દિલ ધરાવનારા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી પાસેથી જ આખા રાષ્ટ્રને અદભુત ઊર્જા પ્રાપ્ત થાય છે.

આપણા ગર્વાન્વિત રાષ્ટ્રના લોકો માટે વિકાસ, પરિવર્તન, કૌશલ્ય અને વિપુલ તકોનું સર્જન કરવાના આપણા વડાપ્રધાનના પ્રયાસો જ **''આત્મનિર્ભર ભારત''**ના સ્વપ્નને સાકાર કરશે.

દેશને જરૂર છે એવા જવાબદાર નાગરિકોની કે જેઓ અત્યારે આગળ આવે અને આ સદીના સૌથી મહાન મિશન **''સ્વાવલંબી ભારત''**ની સાથે જોડાય. દેશના દરેક જવાબદાર નાગરિકની ફરજ બને છે કે આપણી લોક કલ્યાણ કેન્દ્રિત સરકારની આ અદભુત પહેલોને સમજે.

વિવિધ પહેલોથી થયેલા લાભોની વાતોની વહેંચણી કરીને આપણે આપણા રાષ્ટ્ર નિર્માણ માટે જાગૃતિ અને જ્ઞાન ફેલાવવું જરૂરી છે.

**લોકોના વડાપ્રધાન... લોક કલ્યાણ કેન્દ્રિત સુશાસન**



આત્મનિર્ભર ભારત એ
૧૩૦ કરોડ ભારતીયો માટે મંત્ર બની ચૂક્યું છે.



